# વાયડામિત્ર

વર્ષ ૧૦૨, જાન્યુઆરી - ૨૦૨૪, અંક ૧
R.N.I No.: 6316/57
કિંમત રૂ. ૩૦/- (વાર્ષિક)

Hashtag કલાકાર દ્વારા Landscape Watercolor paintings competitionનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં ૮૮,૦૦૦ વ્યક્તીઓએ ભાગ લીધો હતો, તેમાંથી મનીષાબહેન પરીખનું આ painting પ્રથમ ૫૦૦ કૃતિઓમાં સ્થાન પામ્યું હતું.



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES




**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East), Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**જાન્યુઆરી ૨૦૨૪, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૨, અંક-૧**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

**સંચાલક ટ્રસ્ટી મંડળ**

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

Mobile (What’s app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

ભારતમાં: રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), વિદેશમાં : રૂા. ૫૦૦૧/-

સુજ્ઞ જ્ઞાતિજનો, વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

**આ અંકમા ... આનંદપૂર્ણ જીવનની દસ વિધિઓ, લહાણી - A flashback, વિદેશથી આવતાં પ્રવાસિઓ માટે કસ્ટમ્સનાં નિયમો, આવો આપણા અંતરને ઓળખીએ , શું વીગન થવું જરૂરી છે ?, ભારતની આબોહવા, સામાજિક વ્યવસ્થાને જોતાં ૭૦ કલાક કામ કરવાનો પ્રસ્તાવ અયોગ્ય, સૌથી સસ્તું અમદાવાદ**

# આનંદપૂર્ણ જીવનની દસ વિધિઓ



**(1) એકાંતની વિધી - The Ritual of Solitude**

દરરોજના કામના સમયપત્રકમાં થોડો સમય ફરજિયાતપણે શાંતિ માટે રાખવાનો છે. રોજ ઓછામાં ઓછી પંદર મિનિટ એકલાં મૌનમાં બેસવાનું છે અને પોતે કોણ છે તે જાણવાનો પ્રયાસ કરવાનો છે.

આ વિધિનો પ્રભાવ ત્યારે વધે છે, જ્યારે દર રોજ નિશ્ચિત સમયે તેને કરવામાં આવે.

ઉપરાંત, શક્ય હોય તો દરરોજ પ્રકૃતિ સાથે સંવાદ સાધવો જોઈએ. પ્રાકૃતિક સ્થળે ફરવા જવુ જોઈએ અગર ઘરમાં–બગીચામાં વૃક્ષો ઉગાડવા જોઈએ અને તેની સાથે સંવાદ કરવો જોઈએ.

**(2) શરીર વિધિ - The Ritual of Physicality :**

જેમ મનની સંભાળ રાખવાની છે તેમ શરીરની પણ સંભાળ રાખવાની છે. જેવી રીતે મનને કેળવવાનું છે, તેમ શરીરને પણ તાલીમબદ્ધ કરવાનું છે. દરરોજ કસરતથી શરીરરૂપી મંદિરને પોષણ આપવાનું છે. શરીરને ગતિશીલ રાખી લોહીનાં પરિભ્રમણને પણ ગતિશીલ રાખવાનું છે.

અઠવાડિયાનાં 168 કલાકમાંથી પાંચ કલાક શારીરિક કેળવણી માટે રાખવા જોઈએ. આ માટે યોગ જેવો પ્રભાવશાળી બીજો કોઈ માર્ગ નથી. પર્વતોમાં, જંગલોમાં, પ્રકૃતિમાં ઝડપી ચાલવાનો વ્યાયામ પણ કરી શકાય.

બીજી ધ્યાન રાખવાની બાબત છે – યોગ્ય શ્વાસોશ્વાસ લેવાની બાબત. અસરકારક શ્વાસ લેવાથી શરીરમાંથી ઉર્જાને બેવડી–ત્રેવડી વધારી શકાય છે. મોટાભાગના લોકો જીવન જીવવા શ્વાસ લે છે, પરંતુ જીવનને સમૃદ્ધ બનાવવા શ્વાસ લેતાં નથી. તેઓ એટલાં છીછરા શ્વાસ લે છે કે શરીરને પૂરતો પ્રાણવાયુ પણ મળતો નથી. દિવસમાં ત્રણ–ચાર વાર શાંતિથી ઊંડા શ્વાસ લેવાની તાલીમ લેવી જોઈએ.

**(3) પોષણનો વિધિ - The Ritual of Nourishment :**

યોગ્ય પોષણયુક્ત આહાર લેવો જોઈએ. અયોગ્ય આહાર જીવન પર વિપરિત અસર કરે છે.

શાકભાજી, ફળો, અનાજ–સાત્વિક આહાર છે. હંમેશા સાત્વિક આહાર લેશો તો સ્વાસ્થ્ય તો જળવાશે પરંતુ સાથે સાથે દીર્ઘ જીવન પણ મળશે.

**(4) અનંત જ્ઞાનની વિધિ - The Ritual of Abundant knowledge :**

દરેક વ્યક્તિએ જીવનમાં નવું નવું શીખતા રહેવાનું છે. જ્ઞાનનો સતત વિસ્તાર કરવાનો છે. આને સ્વાધ્યાય કહેવામાં આવે છે. તે વ્યક્તિના પોતાના માટે તેમ જ અન્ય વ્યક્તિ માટે પણ કલ્યાણકારી નિવડે છે.

સ્વાધ્યાય માટે પાયારૂપ બાબત છે 'નિયમિત અધ્યયન'. ઉત્તમ પુસ્તકો માત્ર વાંચન માટે નથી. તેને વાગોળવાના છે અને જીવનમાં ઉતારવાના છે. તેથી જીવનની ગુણવત્તા સુધરશે અને સુષુપ્ત શક્તિઓ જાગૃત થશે.

**(5) આત્મચિંતનની વિધિ – The Ritual of Personal Reflection :**

આત્મચિંતન એટલે વિચારવાની ટેવ. માનવ હોવાના નાતે બધા વિચાર તો કરે છે, પરંતુ મોટાંભાગના લોકો માત્ર જીવન ટકાવવા જ વિચાર કરે છે. પરંતુ વિચારવાનો અર્થ છે પ્રગતિ માટે વિચારવું. પોતાના વિચારો અને કાર્યોનું મૂલ્યાંકન કરવું, આજે શું ખોટું, અયોગ્ય કે બીનજરૂરી કર્યુ છે તે વિચારવું પછી તેને સુધારવા પ્રયત્ન કરવો.

જીવનમાં શ્રેય શું છે અને પ્રેય શું છે તે જાણવું પછી શ્રેયનો અમલ કરવો. આને વિવેક કહેવાય છે.

**(6) વહેલા ઉઠવાની વિધિ - The Ritual of Early Awakening :**

પ્રગતિ ઇચ્છનાર વ્યક્તિએ સૂર્યોદય પહેલાં ઉઠી જવું જ જોઈએ. સૂર્યોદય કુદરત તરફથી મળેલી અણમોલ ભેટ છે. કુમળા કિરણોનું સ્નાન કરવું જોઈએ. તે શરીર–મનને તાજગી અને શક્તિ આપે છે.

સવારના સમયમાં પ્રાર્થના કરી શકાય, ઉત્તમ સંગીત સાંભળી શકાય. ખડખડાટ હસી શકાય. ખૂબ તાજગીનો અનુભવ થશે. પછી એકાંતમાં મૌનમાં બેસવું જોઈએ.

**(7) સંગીતની વિધિ - The Ritual of Music :**

શ્રેષ્ઠ લોકો અથવા શ્રેષ્ઠ તરફ ગતિ કરતા લોકો સંગીતને ખૂબ આદર આપે છે. સંગીત ચેતનાને ઉર્ધ્વ ગતિ આપે છે. તે વ્યક્તિને હસાવે છે, રડાવે છે, નચાવે છે. સંગીતનો જબરો પ્રભાવ છે.

રોજ થોડો સમય સંગીત સાંભળવું જ જોઈએ. તે મનની હતાશા અને

થાકને દૂર કરે છે.

**(8) શબ્દની વિધિ - The Ritual of Spoken Word :**

આને મંત્ર પણ કહી શકાય. યોગીઓએ હંમેશા મંત્રોનું રટણ કર્યું છે. આપણે પણ દર રોજ સવાર–સાંજ મંત્રોનું રટણ કરવું જોઈએ.

મંત્ર–જાપ કરવાથી જીવનમાં પ્રેરણા પ્રાપ્ત થાય છે, શક્તિ પ્રદાન થાય છે, મન સંયમિત થાય છે, તેનાથી શ્રદ્ધા વધે છે. આ બધાના કારણે વ્યક્તિ પોતાનામાં યૌવનનો અનુભવ કરે છે.

**(9) સુસંગત ચારિત્ર્યની વિધિ - The Ritual of congruent Character :**

દરેક વ્યક્તિએ એવાં કાર્યો કરવા જોઈએ કે જેનાંથી તેનું ચારિત્ર્ય મજબૂત બને. આ માટે સદ્‌ગુણો કેળવવા જોઈએ. કરૂણા, ઉદ્યમીપણું, નમ્રતા, ધૈર્ય, પ્રમાણિક્તા અને હિંમતના ગુણો કેળવવા જોઈએ. આનાથી જીવનની પવિત્રતાની અનુભૂતિ થશે.

**(10) સાદગીની વિધિ - The Ritual of Simplicity :**

હંમેશા સાદુ જીવન જીવવું જોઈએ. બહુ ભભકામાં ન રહેવું જોઈએ. જરૂર હોય તેટલી જ વસ્તુઓ રાખવી જોઈએ. નકામી વસ્તુઓનો સંગ્રહ ન કરવો જોઈએ. જીવન જરૂરિયાતો ઘટાડવી. સમય પણ ખોટી રીતે ન બગાડવો. ઓછું અને સાત્વિક ખાવું. વારંવાર ખાવાનું ટાળવું.

નકામી વસ્તુઓનો જેમ ત્યાગ જરૂરી છે તેમ નકામાં મેઈલ–પત્રો–સંદેશામાં પણ સમય ન બગાડો. ઉપયોગિતાના આધારે પસંદગી કરવી. મોબાઈલનો પણ જરૂર પૂરતો જ ઉપયોગ કરવો.

સાદું જીવન અને ઉચ્ચ વિચારો આપણને વિકાસની ઊંચી ભૂમિકાએ લઈ જશે.

આનંદપૂર્ણ જીવનની આ દસ વિધિઓને આપણાં જીવનનો ભાગ બનાવીએ.

**શ્રી હરેશ ધોળકિયાના પુસ્તક**
**“મુક્ત ગગનની બારી”માંથી સંકલિત**

**- શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**પૂર્વ તંત્રી તથા ટ્રસ્ટી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫**

# લહાણી - A flashback



ગુજરાતી શબ્દકોષમાં "લહાણી"નો અર્થ કાંઈક આવો છે.

– ખુશાલીને પ્રસંગે ભેટની વહેંચણી

– શુભકાર્યમાં, ઉત્સવના મેળાવડામાં તથા રમતગમત અને ગાયન વગેરેમાં ભાગ લેનારને અપાતી બક્ષિશ

આજથી લગભગ 40 થી 50 વરસ પહેલાં સમસ્ત કચ્છી વાયડા વણિક સમાજના ચોપડામાં જ્ઞાતિના કુટુંબોના નામનો લહાણેદાર તરીકે રેકોર્ડ રાખવામાં આવતો. સામાન્ય રીતે લહાણેદારના નામ મોટા વડીલ દાદાના નામે રાખવામાં આવતા. લહાણેદારના નિધન બાદ લહાણીનો હક્ક નાના દીકરાનો ગણાતો. જો બીજા દીકરાઓ અલગ જગ્યાએ રહેતા હોય તો તેઓએ પોતાનું નામ લહાણેદારના લીસ્ટમાં લખાવવા માટે સમાજને અમુક ફી ભરી અરજી કરવાની રહેતી.

એ સમયે જ્ઞાતિના કુટુંબો આર્થિક રીતે હાલની સરખામણી એ એટલા સમૃદ્ધ ન હતાં. એ સમયે જે વસ્તુની લહાણી થતી એ સરખામણીએ કિંમતી વસ્તુની થતી અને એ લહાણી વરસો સુધી લોકોની યાદમાં રહેતી. આજે પણ રસોડામાં નજર કરતાં, લહાણીમાં મળેલ કેટલાય વાસણો હજુ પણ વપરાશમાં લેવામાં આવે છે. મોટા ભાગે સંયુક્ત કુટુંબો હતા. વ્યવસાય અંગે પુરુષ બહારગામ જતો.

વરોઠી એટલે કે લગ્નની ખુશાલીમાં લગ્ન પછી વરવાળા તરફથી યોજવામાં આવતો ભોજન સમારંભ. લગ્ન પછી સાધન સંપન્ન અને હોંશી કુટુંબ વાસણની લહાણી કરતું. લહાણીની અન્ય સમાજને જાણ થાય એટલા માટે જ્ઞાતિજનો સવારે ભેગા થઈ હાથમાં લહાણીનું વાસણ પકડીને વાજતે-ગાજતે ગામમાં ફરતા. ભોજનના અંતે ચોપડામાં લખાયેલ લહાણેદારના નામ પ્રમાણે લહાણીનું વિતરણ થતું. જ્ઞાતિગોરને એક પૂજ્ય માતાજીનું અને એક એમનું પોતાનું એમ બે નંગ

વાસણ આપતા.

સમય જતાં સંયુક્ત કુટુંબો ધીરે ધીરે વિભાજિત થતા ગયા. વ્યવસાય વસાત કુટુંબના પુરુષો પોતાના પરિવારસહિત અન્ય સ્થળે ઘર વસાવતા થયા. બીજી બાજુ જ્ઞાતિમાં લહાણીનું અગાઉ જેટલું મહત્વ નથી રહ્યું. અત્યારની પેઢીને જ્ઞાતિમાં લહાણી ક્યારે થયેલ તેની પણ કદાચ ખબર ન હોય. લહાણીનો ચોપડો તો ભુલાઈ જ ગયેલ છે. શુભ પ્રસંગે લહાણી કે મીઠાઈનું વિતરણ તે પછી રસોડા દીઠ કરવામાં આવતું. હાલે આ સિસ્ટમ પ્રચલિત થઈ અને આજે તેનું જ અનુકરણ કરવામાં આવે છે.


તાજેતરમાં શ્રી સમસ્ત કચ્છી વાયડા વણિક સમાજના ગ્લોબલ એકમ દ્વારા કચ્છ ભુજમાં આયોજિત સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં ભાગ લેવાનો લાભ મળ્યો. 121 પોથીઓ સાથેનું શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન સાત દિવસે પૂર્ણ થયું. આઠમા દિવસે સવારે શ્રી નારાયણ યજ્ઞ અને બપોર પછી લહાણી વિતરણનો કાર્યક્રમ યોજાયો. આ માટે જ્ઞાતિજનોનું એક ભવ્ય લીસ્ટ બનાવવામાં આવ્યું. આમાં દેશ–વિદેશમાં વસતા તમામ કચ્છી વાયડા વણિકના કુટુંબોને આવરી લેવામાં આવ્યા. એટલું જ નહિ પરંતુ શ્રી સમસ્ત કચ્છી વાયડા વણિક સમાજની બહેન, દીકરીઓ જે ગુજરાતની વાયડા સમાજ તથા અન્ય સમાજમાં પરણાવેલ છે તેમનું પણ એક અલગ લીસ્ટ શ્રી સમૂહ ભાગવત સપ્તાહ સમિતિ દ્વારા તૈયાર કરેલું. લહાણીનું લીસ્ટ બનાવવામાં આવ્યું અને તેમને પણ યાદગીરીસ્વરૂપે લહાણીના વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું.

આમ સરવાળે જુની પદ્ધતિને તિલાંજલિ અપાઈ ગઈ છે.

ખુશીની આપણે જેટલી લહાણી કરીશું તેટલી તે આપણી પાસે વધારે આવશે.

**- અમૃતભાઈ વાયડા, મુંબઈ**
**મો. ૯૮૨૧૪ ૬૩૭૯૫**

# વિદેશથી આવતાં પ્રવાસિઓ માટે કસ્ટમ્સનાં નિયમો



વિદેશથી ભારત આવતાં ફોરેનર્સ અથવા વિદેશ પ્રવાસ કરીને પરત ફરી રહેલાં ભારતીયો, પોતાની સાથે ક્યો સામાન ન લાવી શકે, ક્યો તેમજ કેટલાં મૂલ્યનો સામાન ડ્યૂટી ફ્રી લાવી શકે અને જો ડ્યૂટી લાગે તો કેટલી લાગે વગેરે પ્રશ્નો પ્રવાસીઓને વારંવાર થતાં હોય છે.

ઈન્ટરનેશન એરપોર્ટ પર ઉતરેલાં પ્રવાસીઓએ ઈમિગ્રેશનની પ્રક્રિયા પતાવીને પોતાની બેગો/સામાન કન્વેયર બેલ્ટ પરથી લેવાનો હોય છે. આ સામાન લઈને તેઓએ કસ્ટમ્સ ચેનલમાંથી પસાર થઈને એરાઈવલ ગેટ સુધી પહોંચવાનું હોય છે. જ્યાં તેમનાં સ્વજનો તેમને સત્કારવાની આતુરતાથી રાહ જોતાં હોય છે. કસ્ટમ્સ ચેનલ બે પ્રકારની હોય છે.

**(1)** **ગ્રીન ચેનલ :** જે પ્રવાસી પાસે કોઈ પ્રતિબંધિત નિયંત્રિત અથવા ડ્યૂટીને પાત્ર સામાન ન હોય, તે આ ચેનલ દ્વારા એરાઈવલ ગેટ સુધી જઈ શકે છે.

**(2)** **રેડ ચેનલ :** જે પ્રવાસી પાસે ડ્યૂટીને પાત્ર અથવા અન્ય રીતે પ્રતિબંધિત કે નિયંત્રિત સામાન છે, તેણે પોતાનો સામાન સફેદ યુનિફોર્મ પહેરેલાં કસ્ટમ્સ ઓફીસર પાસે લઈ જઈ, આકારણી વગેરેની પ્રક્રિયા કરાવવી જરૂરી છે.

પ્રવાસીઓ દ્વારા ગુપ્ત રીતે એટલે કે દાણચોરીથી લવાતું સોનું પકડાયાનાં સમાચાર અવારનવાર ચમકતા રહે છે. સોનાનાં દાગીના તેમજ સોનાનાં સિક્કા, લગડી વગેરે લાવવા માટેનાં નિયમો અલગ અલગ છે. પ્રવાસીઓનાં માર્ગદર્શન માટે કસ્ટમ્સ વિભાગ દ્વારા સરળ ભાષામાં 'ગાઈડ ફોર ટ્રાવેલર્સ' બહાર પાડવામાં આવેલ છે, જેમાંથી કેટલાંક અગત્યનાં અંશો (Extracts) આ લેખની પછી રજૂ કરું છું. આ ગાઈડમાં દર્શાવ્યા પ્રમાણે, કેટલાંક પાડોશી દેશોને બાદ કરતાં અન્ય દેશોમાંથી આવતાં ભારતીયો માટે ડ્યૂટી ફ્રી એલાઉન્સની મર્યાદા રૂપિયા 50,000/- ની છે. (શરતો સાથે) વધુમાં ભારતીય સ્ત્રી પ્રવાસી, જો વિદેશમાં એક વર્ષથી વધુ રહેલ હોય, તો 40 ગ્રામ, પણ એક લાખ રૂપિયા સુધીનાં નવા ઘરેણાં ડ્યુટી ફ્રી લાવી શકે છે. જ્યારે આવાં પુરુષ પ્રવાસી માટે ઘરેણાંની ડ્યૂટી ફ્રી લિમિટ અડધી છે.

યાદ રહે કે આ ડ્યુટી ફ્રી લિમિટ માત્ર ઘરેણાં/આભૂષણોને લાગુ પડે છે. તે સોના ચાંદીનાં સિક્કા, લગડી વગેરે લાવવાની સામાન્ય રીતે છૂટ નથી, રૂપિયા પચાસ

હજાર કે એક લાખની મર્યાદામાં પણ નહીં. જોકે, ભારતીય પ્રવાસી છ મહીનાથી વધુ વિદેશ રહીને પરત આવતો હોય અને ફોરેન એક્ષચેન્જમાં ડ્યૂટી ભરવાની શરતે, રેડ ચેનલમાં જઈને આવું સોનું (લગડી/સિક્કા) ડીકરેલ કરે તો જ 1 કિલોગ્રામની મર્યાદામાં રાહત દરે ડ્યૂટી ભરીને લાવી શકે છે. આ સિવાયનાં અન્ય કિસ્સાઓમાં પ્રવાસીઓ દ્વારા સોનું કે ચાંદી લાવ્યાનું માલૂમ પડે તો તે જપ્તીને પાત્ર છે, જે ડ્યૂટી ભરવાથી પણ છૂટી શકે નહીં. વધુમાં દંડનીય કાર્યવાહી પણ થઈ શકે છે. જોકે, ભારતીય સ્રીએ સામાન્ય માત્રામાં પહેરેલાં અને નવા ન હોય તેવાં ઘરેણાં માટે કસ્ટમ્સ વિભાગ ઉદાર અભિગમ દાખવે છે.

1. Guide for Travellers updated as on 27th August, 2020, which is published by Indian Customs. The entire ‘Guide for Travellers’ for **Arriving Passengers** and **Outgoing Passengers** is available at following link:
https://old.cbic.gov.in/resources//htdocs-cbec/customs/guide-to-travellers.pdf

2. Procedure for getting **Export Certificate** for Passengers departing from India with high value items published by Hyderabad Customs is available at following link:
https://taxguru.in/custom-duty/export-certificate-passengers-departing-india-high-value-items.html

3. Information and views of Article are given in **personal capacity**. For legal purpose, provisions of the Customs Act, 1962; the Baggage Rules, 2016; and other law prevailing in country and states are applicable.

Extract from Guide for Travellers

– શ્વેતલ બિપિનચંદ્ર પરીખ
સુપરીટેન્ડન્ટ, કસ્ટમ્સ એન્ડ સેન્ટ્રલ જી.એસ.ટી.
મો. ૯૮૨૪૩ ૧૬૨૬૩

# આવો આપણા અંતરને ઓળખીએ



74 વર્ષના ડૉ. ગ્રેગરી સ્ટોકનું પુસ્તક 'The Book of Questions' ન્યૂયોર્ક ટાઈમ્સમાં બેસ્ટ સેલર બન્યું હતું. તેમના પુસ્તકોની 25 લાખ કોપીઓ વેચાઈ છે અને વિશ્વની બાવીસ ભાષાઓમાં તેના અનુવાદ થયા છે. તેમ જ એકસો થી વધુ વખત પ્રિન્ટ થયા છે. ડૉ. ગ્રેગરી સ્ટોક અમેરિકાની જ્હોન્સ હોપકિન્સ યુનિવર્સિટીમાંથી બાયો ફિઝિક્સના વિષય સાથે Ph.D. થયા છે અને હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી તેમણે M.B.A. ની ડિગ્રી મેળવી છે.

આ કોઈ સામાન્ય જ્ઞાનના પ્રશ્નોનું પુસ્તક નથી. અહીં પ્રશ્નો છે તમને સ્પર્શતા – તમારા મૂલ્યો, તમારી માન્યતા, તમારું જીવન, પ્રેમ, પૈસો, ઉદારતા, અભિમાન, પ્રામાણિકતા અને મૃત્યુ – આ બધા જ વિષયોના પ્રશ્નો પુસ્તકમાં છે. તમારી જાતને પિછાનવાનો આ એક અવસર છે. આ પુસ્તક મૂંઝવણો સામે સંઘર્ષનો સાચો રસ્તો બતાવે છે. પુસ્તકમાં આપેલા પ્રશ્નોના જવાબ આપવા માટે તમારે તમારી જાતને ચકાસવી પડશે, ભૂતકાળને ઉખેડવો પડશે. સંભવિત પરિસ્થિતિમાં ઝાંખી કરવી પડશે અને ક્યાંક પીડાદાયક પસંદગી પણ કરવી પડશે.

સામાન્ય રીતે સામાન્ય જ્ઞાનની કસોટીમાં પૂછાતા પ્રશ્નોના જવાબ માટે અમુક માહિતી કે આંકડા યાદ રાખવા પડે છે પણ આ પ્રશ્નોના કોઈ ચોક્કસ જવાબ નથી. આ પ્રશ્નો KBC માં પૂછાતા પ્રશ્નો નથી.

ત્રણસો જેટલા પ્રશ્નો આ પુસ્તકમાં છે. આ પ્રશ્નોના કોઈ સાચા કે ખોટા જવાબો નથી, માત્ર પ્રામાણિક કે અપ્રામાણિક જવાબો હોઈ શકે. કોઈપણ પ્રશ્નનો જવાબ માત્ર હા કે નામાં આપવાનો નથી. દરેક પ્રશ્ન પર છ–સાત લીટીમાં તમારું વિવરણ તૈયાર કરવાનું છે. આમાં કેટલાક પ્રશ્નો તમને ખતરનાક લાગશે. ક્યારેક પ્રશ્નને છોડી દેવાનું મન થશે પરંતુ તમે તમારા અંતરાત્માને છેતરીને જવાબ આપશો તો તમને મોટું નુકસાન થશે.

ક્યારેક પ્રશ્નપત્રની નકલો કઢાવીને સૌ કુટુંબીજનો પોતપોતાના જવાબ તૈયાર કરો. તમને જાણી તે નવાઈ લાગશે કે આ પ્રશ્નોના જવાબથી કુટુંબીજનોની એક નવી ઓળખ પ્રાપ્ત થશે, મળશે અને નિખાલસતા વિશેષ નિકટતા પેદા કરશે. તો થઈ જાવ તૈયાર... અહીં કેટલાક ચૂટેલાં પ્રશ્નો પ્રસ્તુત કરીએ છીએ.

1) આજથી એકસો વર્ષ પછીની દુનિયા આજના કરતાં વધારે સારી હશે કે ખરાબ ?
2) તમારા જીવનની મોટામાં મોટી સિદ્ધિ કઈ છે ? હજી એનાથીય વધુ સારી સિદ્ધિ મેળવવાની તમને આશા છે ?
3) તમે સફળ બિઝનેસમેન છો પણ તમારી અંગત જિંદગી રસહીન છે અથવા તમારી અંગત જિંદગી સુખમય છે પણ તમારી પ્રોફેશનલ લાઈફમાં કોઈ ઉત્સાહ નથી – આ બંનેમાંથી તમે કયો વિકલ્પ પસંદ કરશો ?
4) તમે એક નવી દવા શોધો છો જે આર્થરાઈટીસમાંથી મુક્તિ અપાવે છે પણ તેની ઘાતક આડઅસરોથી એક ટકો વ્યક્તિ મૃત્યુ પામે છે. શું આ દવા તમે બજારમાં મુકશો ?
5) એક વર્ષમાં તમારું મૃત્યુ થવાનું છે એવી તમને ખબર હોય તો અત્યારે તમે જે રીતે જીવો છો તેમાં કશો ફેરફાર કરો ?
6) તમે એક વ્યક્તિને ખૂબ પ્રેમ કરો છો. તેની સાથે તમારું લગ્ન થવાનું છે. લગ્ન ચાર દિવસ પહેલાં જ તેને અકસ્માત થાય છે અને અપંગ બની જાય છે. તમે તેની સાથે લગ્ન કરશો કે પીછેહઠ કરશો ?
7) તમારી નજીકની વ્યક્તિઓમાંથી કઈ વ્યક્તિનું મૃત્યુ તમને હચમચાવી ગયું ? કેવી રીતે ?
8) તબીબી પરીક્ષણો બાદ ડૉક્ટર તમને કહે છે – તમને ફેફસાનું કેન્સર છે અને ખૂબ થોડો સમય તમે જીવી શકો છો. પાંચ દિવસ બાદ અચાનક એક સવારે ડૉક્ટર આવીને કહે છે – લેબોરેટરી ટેસ્ટ બદલાઈ ગયેલ. તમે તંદુરસ્ત છો. આ મુશ્કેલીભર્યા પાંચ દિવસોમાં તમે ચોક્કસ આંતરદષ્ટિ કરી હશે કે જીવન પ્રત્યેનો અભિગમ બદલાયો હશે. આ વિચારોને કાગળ પર ઉતારો.
9) તમે એક રેસ્ટોરન્ટમાં ભોજન લઈ રહ્યા છો. ભોજન બાદ તમને બીલ મળે છે પણ એમાં એક આઈટમનં બીલ સામેલ નથી. તો શું તમે તે માટે વેઈટરનું ધ્યાન દોરશો ?
10) તમે જીવનમાં શાના માટે સૌથી વધુ પ્રયત્ન કરો છો ? કોઈ સિદ્ધિ, સલામતી, પ્રેમ, પૈસો, સત્તા, જ્ઞાન કે બીજા કશાક માટે ?
11) તમારા પતિ કે પત્ની તમારા કરતાં બુદ્ધિશાળી અને આકર્ષક હોય તો તે તમને ગમે ?
12) નિવારી ન શકાય તેવી કઈ ટેવ તમને છે ? આ ટેવ નાબૂદ કરવા તમે નિયમિત સંઘર્ષ કરો છો ?

13) તમને એવા શિક્ષક ગમે જે કડક હોય, પ્રશ્ન પણ ન કરતા હોય અને સારું ભણાવતા હોય કે પછી એવા જે લહેરી હોય પણ બહુ સારું ભણાવતા ન હોય ?
14) જેના વિના જિંદગી જીવવા જેવી ન રહે, એટલી બધી મહત્વની કઈ વસ્તુ કે વ્યક્તિ તમને લાગે છે ? આપઘાત કરવાનો વિચાર તમને કદી આવ્યો છે?
15) કોઈ સાથેના સંબંધમાં સૌથી મૂલ્યવાન વસ્તુ તમને કઈ લાગે છે ?
16) જેના વિશે રમૂજ જ ન કરી શકાય એટલી બધી ગંભીર કોઈ વસ્તુ તમને લાગે છે ? કઈ ?
17) તમારા બાળપણથી કયા ત્રણ વર્ષનો તબક્કો તમારા વ્યક્તિગત વિકાસ અને બદલાવ માટે અગત્યનો હતો ? કેવી રીતે ?
18) જો તમારા મૃત્યુનો પ્રકાર નક્કી કરવાની પસંદગી મળે તો શેની પસંદગી કરો ?
19) તમને પ્રખ્યાત થવું ગમે ? કઈ રીતે વિખ્યાત થવાનું તમે પસંદ કરો ?
20) તમે છેલ્લે ક્યારે રડેલા ? શા માટે ? કોઈની સમક્ષ કે એકલા ?
21) પાંચ વર્ષ બાદ તમે શું કરવા ઇચ્છો છો ? તમે શું વિચારો છો ? પાંચ વર્ષ બાદ તમે શું કરતા હશો ?
22) તમારા મિત્રો તમારા વિશે ખરેખર શું ધારે છે ? એ નિખાલસપણે અને કઠોર થઈને તમને કહેવા તૈયાર હોય તો તમે એવું ઇચ્છો કે તેઓ તમને જણાવે ?
23) તમારી ફરજ ન હોય છતાં કોઈને માટે તમે કશુંક કરો અને પછી એ તમારો આભાર ન માને, ત્યારે તમને શી લાગણી થાય ?
24) તમને સ્પોર્ટસ માં વર્લ્ડ ચેમ્પીયનશીપ ટીમના સભ્ય થવું ગમે કે વ્યક્તિગત ચેમ્પીયન થવું ગમે ? તમે કઈ રમત પસંદ કરો ?
25) તમને એવી ઇચ્છા થાય કે તમે સેક્સ ચેન્જ કરો ? મતલબ પુરુષ હોય તો સ્ત્રી અને સ્ત્રી હોય તો પુરુષ ?
26) તમારી પાસે એવી શક્તિ હોય કે કોઈ પણ વ્યક્તિ વિચાર કરવાથી મરી જાય. વ્યક્તિ કુદરતી મૃત્યુ જ પામશે અને તમારી પર કોઈને શંકા નહીં થાય તો તમે તે શક્તિનો ઉપયોગ કરશો ?
27) તમે કોઈને ધિક્કાર્યા છે ? જો હા, તો શા માટે અને કેટલા સમય સુધી ?
28) તમારા ઘરમાં અચાનક આગ લાગે છે. તમે તમારા સ્વજનોને બચાવી લો છો. હજી તમારી પાસે સલામત રીતે કોઈ એક વસ્તુને બચાવવાનો સમય છે તો તે શું હશે ?

29) તમને દસ લાખ ડોલરની ઓફર કરવામાં આવે છે. તમારી સામે દસ પિસ્તોલ પડી છે. એમાં નવ ખાલી છે અને એક પિસ્તોલમાં કારતૂસ છે. તમને ખબર નથી કે કઈ પિસ્તોલમાં કારતૂસ છે. હવે એમાંથી કોઈપણ એક પિસ્તોલ ઉપાડીને તમારા કપાળ પર મૂકીને ટ્રીગર દબાવવાનું છે. જો તમે બચી જાવ છો તો તમને દસ લાખ ડોલરના માલિક બની જાવ છો. આ જોખમ તમે ઉઠાવશો ?

30) તમે રાત્રે ગાડી પાર્ક કરી રહ્યા છો. ભૂલમાં બાજુમાં રહેલી કાર સાથે તમારી ગાડી ઘસાય છે. તમે ચોક્કસ છો કે આજુબાજુમાં કોઈ નથી અને કોઈને ખબર પડવાની નથી. નુકસાન સામાન્ય છે પણ તે ઈન્સ્યોરન્સમાં કવર થશે નહીં તો તમે તેના માલિકને જાણ કરશો ?

31) તમારા જીવનમાં એક વર્ષ ઉમેરવામાં આવે છે. તેની સામે દુનિયાની કોઈપણ એક વ્યક્તિના જીવનમાંથી એક વર્ષ ઓછું થાય છે. તો તમે એવું ઇચ્છશો? જો તમને તે વ્યક્તિ કોણ છે તે જણાવવામાં આવે તો શું ફેર પડશે ?

32) તમે સવારે મોર્નિંગ વૉકમાં નીકળ્યા છો. રસ્તામાં બાજુની ઝાડીમાં એક તૂટેલી પાંખવાળું પક્ષી ઘવાયેલું પડ્યું છે તો તમે શું કરશો ?

33) તમને સુંદર કુદરતી સ્થળે રાખવામાં આવે છે. ત્યાં તમે એકલાજ છો અન્ય કોઈ વ્યક્તિ નથી. રહેવા-જમવાની બધી વ્યવસ્થા છે તો આવી એકાંતવાળી જગ્યાએ એક માસ તમે ગાળશો ?

34) તમને 60 વર્ષની ઉંમરે ખૂબ આનંદમાં શાંતિથી મિત્રો વચ્ચે મૃત્યુ પામવું ગમે? કે એકાંતમાં, ખૂબ પીડા ભોગવીને 80 વર્ષે મૃત્યુ પામવું ગમે?

35) તમે તમારી સ્મશાનયાત્રા કેવી હોય તેવી કલ્પના કરો છો ? તમારા મૃત્યુથી લોકો શોક મનાવે તેમ તમે ઇચ્છો છો ?

36) તમને તમારો દેશ કાયમ માટે છોડવાનું કહેવામાં આવે છે પરંતુ તમને તમારા દેશમાં/વતનમાં જીવનમાં ક્યારેય પરત ફરવાની તક આપવામાં આવતી નથી તો તમે શું પસંદ કરો ?

37) તમે, તમારા પિતા અને તમારો મિત્ર - ત્રણે વ્યક્તિ વેકેશનમાં જંગલમાં જાવ છો. અચાનક જંગલની ઝાડીમાંથી સાપ સરકીને આવે છે અને તમારી સાથેના બે વ્યક્તિને વારંવાર કરડે છે. તમને ખબર છે જો ઝેર ઉતારવાનું ઇન્જેક્શન તરત જ નહીં આપવામાં આવે તો બંને મૃત્યુ પામશે પણ તમારી પાસે એક જ ઈન્જેક્શન છે. તો તમે કોને આપશો ?

38) પરીક્ષામાં અમુક અઘરા પ્રશ્નોના જવાબ લખવા તમને મુશ્કેલી થઈ રહી છે. બાજુના વિદ્યાર્થીના પેપરમાં જોઈ આસાનીથી તમે જવાબ લખી શકો છો. તો આ છેતરપિંડી તમે કરશો ?

39) તમને પ્રતિવર્ષ 50,000 ડોલર મળે છે પરંતુ તમે ક્યારેય નાણાં કમાવવા માટે કોઈપણ પ્રકારનું કામ નહીં કરી શકો કે નાણાંનું રોકાણ પણ નહીં કરી શકો તો આ ઓફર તમે સ્વીકારશો ?

40) તમને તમારી કંપનીની અગત્યની જાણકારી આપવા માટે પ્રતિસ્પર્ધી કંપની તરફથી મોટી રકમની ઓફર કરવામાં આવે છે તો તમે તે ઓફર સ્વીકારશો?

41) તમારી તબિયત સારી છે છતાં માંદગીનું બહાનું કાઢી ઓફિસમાં રજા લો છો. તો આ માટે તમે શું અનુભવશો ?

42) જો તમને ખબર પડે કે થોડા દિવસમાં જ તમારું મૃત્યુ થવાનું છે તો તમને શેનો અફસોસ રહી જશે ? જો તમને જિંદગીના પાંચ વર્ષ વધુ મળે તો તમે જેને માટે અફસોસ થયો છે તે દૂર કરશો ?

43) છેલ્લે તમારે ક્યારે, કોની સાથે ઝઘડો થયેલો ? તેનું કારણ શું ? પાછળથી તમને પસ્તાવો થયેલો ?

44) તમારા જીવનની સૌથી મોટી નિરાશાજનક ઘટના કઈ ? અને સૌથી મોટી સફળતા ?

45) તમને સૌથી વધુ માન કોના માટે છે ? એ વ્યક્તિ પાસેથી તમને કઈ જાતની પ્રેરણા મળે છે ?

46) તમારી વ્યાવસાયિક કારકિર્દીમાં એવો કેવો અગત્યનો નિર્ણય છે જે આંતરસ્ફુરણ (Intuition) થી લેવાયો હોય ? તમારી વ્યક્તિગત જિંદગીમાં આવો કોઈ નિર્ણય લીધો છે ?

47) તમને કેવા લોકો સાથે સમય વીતાવવો ગમે ?

48) વાતચીત દરમ્યાન તમે વધુ બોલો છો કે સાંભળો છો ? તમે અન્ય વ્યક્તિ સાથે કઈ બાબત અંગે ચર્ચા કરો છો ?

49) એવી કઈ વ્યક્તિ છે જેણે ઓછા સમયમાં તમારી પર જબરદસ્ત પ્રભાવ પાડ્યો હોય ? તમારો પ્રભાવ અન્ય વ્યક્તિ પર હોય તેવું તમને લાગે છે ?

50) તમારા કરતાં વધુ નસીબદાર કે સફળ વ્યક્તિ પ્રત્યે તમે અણગમો વ્યક્ત કર્યો છે ?

51) તમે રસ્તા પરથી પસાર થઈ રહ્યા છો. તમારું ધ્યાન એક પાકીટ પર પડે છે જેમાં 5000 ડોલર છે પણ નામ કે સરનામું નથી તો તમે શું કરો? કદાચ પાકીટમાં નામ–સરનામાં સાથે ધનવાન દેખાતા યુવાન કે કરચલીવાળી વૃદ્ધ સ્ત્રીનો ફોટો હોય તો તમારો નિર્ણય શો હશે ?

52) તમે કોઈની સાથે વાત કરતી વખતે શું ધ્યાન રાખો છો ?
53) તમારા સ્વજનોમાં કોના મૃત્યુએ તમને સૌથી વધુ રડાવેલા ?
54) તમને તમારા સ્વજનનો સ્પર્શ ગમે છે ?

આ ઉપરાંત ઘણા પ્રશ્નો તમે તમારી જાતને પૂછીને તેના જવાબ આપી શકો છો જેમ કે

1) તમે ધાર્મિક છો ? ધર્મની તમારી વ્યાખ્યા શું છે ?
2) તમે પ્રાર્થના કરો છો ? પ્રાર્થના અંગે તમારો શો અભિપ્રાય છે ?
3) નિયત કાર્યમાંથી નિવૃત્તિ પછી તમે શું કરવા વિચારો છો ?
4) સાહિત્ય, સંગીત અને કલાનું જીવનમાં શું સ્થાન છે ?
5) વાંચનનું તમારા જીવનમાં શું સ્થાન છે ?
6) તમારી દૃષ્ટિએ સૌથી મોટી લાચારી કઈ ?
7) તમે સદ્‌ગુણ કોને કહો છો ?
8) તમે તમારા વ્યક્તિત્વને કઈ રીતે મૂલવો છો ?
9) તમે કોણ છો એ તમે કેવી રીતે જાણો ?
10) સફળતાનો તમારા પર શો પ્રભાવ પડે છે ?
11) કાંઈ ખોટું થઈ ગયું હોય તો પસ્તાવો થાય છે ? એ કેવી રીતે વ્યક્ત કરો છો ?
12) તમારા પૂર્વગ્રહો કયા છે ?
13) વિચારમાં શક્તિ છે એવું તમે માનો છો ?
14) રોજબરોજના જીવનમાં તમારે અભિનય કરવો પડે છે ?
15) તમે ક્યાંય ખોટું બોલ્યા છો ? શા માટે ?
16) તટસ્થ રીતે તમને કઈ મર્યાદાઓ અને કઈ શક્તિનો ઉલ્લેખનીય લાગે છે ?

ઉપરના પ્રશ્નોના પ્રામાણિકપણે જવાબ તૈયાર કરી જીવનને બહેતર બનાવી શકાય છે. ઉપરના પ્રશ્નોમાંથી કેટલાક ચૂંટીને તેમના જવાબ લખી ‘વાયડામિત્ર’ના તંત્રીને મોકલી આપો. ‘વાયડામિત્ર’માં તેને સ્થાન આપવામાં આવશે.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી - વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

# શું વીગન થવું જરૂરી છે ?



આપણે ત્યાં દૂધ બે પ્રકારે આવી શકે. એક તો સહકારી પદ્ધતિની ડેરીમાંથી અથવા તો ફેક્ટરી ફાર્મિંગની ડેરીમાંથી. સહકારી પદ્ધતિની ડેરી વિષે આપણે થોડું ઘણું જાણીએ છીએ. જે પશુપાલક પાસે એક બે ગાય/ભેંસ હોય તેવો નાનામાં નાનો પશુપાલક પણ 2-4 લીટર જેટલું દૂધ ડેરીમાં જમા કરાવી શકે અને મોટા તબેલાવાળો વધુ માત્રામાં દૂધ જમા કરાવીને કમાણી કરી શકે. આ પશુપાલકો ડેરીમાં દૂધ જમા કરવા જાય ત્યારે તે દૂધ કેટલું ચરબીયુક્ત છે તેની ચકાસણી કરાય. જે દૂધ વધુ ઘટ્ટ તે દૂધના પૈસા વધુ મળે. તેથી ગાય/ભેંસની એ રીતે માવજત કરવામાં આવે કે જેથી તે વધુ માત્રામાં અને વધુ ચરબીયુક્ત દૂધ આપે.

કેટલાક પશુપાલકો તે માટે ઢોરને સ્ટીરોઈડ જેવી દવાઓ પણ આપે. તેમના ખોરાકમાં પણ જાતજાતના રસાયણો ભેલવે. ગાય/ભેંસ વસુકી ના જાય તે માટે પણ વિવિધ દવાઓ પ્રયોજે અને વારંવાર ગર્ભાધાન પણ કરાવે. આમ ઢોરનાં શરીર પર અકુદરતી દવાઓ/રસાયણોનો મારો ચલાવવામાં આવે. મૂગું ઢેરો તેનો પ્રતિકાર પણ ન કરી શકે. આટલું ઓછું હોય તેમ ગૌરક્ષકોના આ દેશમાં (વિદેશની જેમ) હવે દૂધ દોહવા માટે મશીનોનો ઉપયોગ થવા માંડ્યો છે. આંચળ પર ધાતુના ચાર પમ્પ ફિટ કરવામાં આવે. તે પમ્પ આંચળમાંથી ઝપાટાબંધ દૂધ ખેંચી કાઢે. નાના પશુપાલકો હજી પણ હાથેથી દૂધ દોહતા હોઈ શકે પણ વ્યવસાયિક ધોરણે દૂધમાંથી કમાણી કરનારા મોટા તબેલાવાળા તો અચૂક દૂધ દોહવા માટે હવે મશીનનો ઉપયોગ કરે છે. હાથે દૂધ દોહતા ગોવાળ સાથે ઢોરને આત્મીય સંબંધ હોય છે. જે–તે વ્યક્તિના સ્પર્શને તે ઓળખે છે. દોહનાર વ્યક્તિ બદલાય તો ઢોર અકળાય અને તે વ્યક્તિને ના પણ દોહવા દે. ગોવાળને પણ જે–તે ઢોર માટે ખુબ માયા–મમતા હોય. મશીનથી દૂધ દોહવું તે એક અસંવેદનશીલ વ્યવસ્થા છે. ઢોરને પણ ધાતુના સ્પર્શ અને દબાણથી ખુબ તકલીફ પડતી હશે.

તેને ખુબ ત્રાસ થતો હશે. તેના શરીરમાં પણ દુઃખ/ત્રાસ સંબંધી અંતઃસ્ત્રાવો છૂટતા હશે. આવા નકારાત્મક અંતઃસ્ત્રાવોની દૂધ પર પણ નકારાત્મક અસર પડતી હશે. આવા દૂધને આપણે 'દુઃખી' દૂધ કહી શકીએ. આપણી સહકારી ડેરીઓમાં જે ઢોર પર અકુદરતી રસાયણોનો ઉપયોગ ના કરવામાં આવ્યો હોય અને દૂધ હાથે દોહાતું હોય તેવું – 'સુખી' દૂધ અને મશનીથી દોહાતું, રસાયણોનો ત્રાસ ભોગવતા ઢોરનું – 'દુઃખી' દૂધ ભેગાં થતાં હશે. સરવાળે આપણાં ભાગે અંશતઃ સુખી/દુઃખી દૂધ આવતું હશે.

હવે વાત કરીએ ફૅક્ટરી ફાર્મિંગની વિદેશમાં મોટા ભાગે દૂધ ફેક્ટરી ફાર્મિંગ થકી આવે છે. ફૅક્ટરી ફાર્મિંગ એ દૂધ ઉત્પાદનની અમાનવીય પ્રક્રિયા છે. તેમાં ગાય/ભેંસને દૂધ ઉત્પાદક યંત્ર માનવામાં આવે છે. જીવંત પ્રાણી નહીં. ઢોર માંડ ઉભા થઈ શકે તેમ તેમની આજુ બાજુ બે પાટિયા મારી દેવામાં આવે. તેમને ત્યાં ઉભા ઉભા જ કેમિકલ-મિશ્રિત ચારો આપવામાં આવે. દૂધ દોહવાનો વખત થાય ત્યારે તેમને કન્વેયર બેલ્ટ ઉપર ચઢાવી દેવામાં આવે. ઢોર પોતાની જગ્યાએથી હાલવાનું નહીં, ચાલવાનું નહિં, ફરવાનું નહીં. તે કન્વેયર બેલ્ટ પર સરકતા સરકતા દૂધ દોહવાની જગ્યાએ પહોંચે એટલે આંચળ પર ચાર પમ્પ ફિટ કરીને ઝપાટા બંધ દૂધ ખેંચી લેવાનું. પાછા તેમને બે પાટિયાની વચ્ચે, તે સજ્જડ પુરાઈ જાય તેમ બંધાઈ જવાનું. બિચારા ઢોરનું આખું જીવન આમ જ જાય. તેના ઉપર કૃત્રિમ ગર્ભાધાનના પ્રયોગો સતત થયા કરે. તેનું દૂધ વધુ ચરબીયુક્ત અને વધુમાત્રામાં આવે તે માટે તેમને જાત જાતની દવાઓ આપવામાં આવે. (વસૂકી જાય એટલે તેમને ખુબ ખવડાવીને જાડા પાડા કરીને ખાટકીવાડે મોકલી દેવામાં આવે જેથી તેમનું માંસ વેચીને કમાણી કરી શકાય.) મશીનની જેમ જીવતાં આ પ્રાણીઓનો જીવ નક્કી બહુ અકળાતો હશે. તે મૂંગા જીવો વિદ્રોહ ના કરી શકે પણ તેમનો અંતરાત્મા ખુબ કકળતો હશે. ફૅક્ટરી ફાર્મિંગમાંથી આવતું દૂધ નક્કી બહુ 'દુઃખી' દૂધ હશે.

ઢોરની આવી દુર્દશાથી વિચલિત થઈને કેટલાક લોકો દૂધ અને તેની તમામ પ્રકારની બનાવટોનો આજીવન ત્યાગ કરે છે. આવા લોકોને 'વીગન' કહેવાય છે. જે લોકો વીગન છે તે સૌ ક્યારેય દૂધ, ઘી, માવા, માખણ, છાશ,

ક્રીમ, ચીઝ અને તેની બનાવટો આરોગતાં નથી. પણ, અહીં એક તકલીફ ઉભી થાય છે. જો તમે વીગન હોવ તો તમે 'ગોપાલ'ની એકદમ વિપરીત દિશામાં જઈને ઉભા છો. કૃષ્ણપંથી હોવું, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હોવું અને વીગન હોવું તે એક સાથે શક્ય નથી. લાલજીને તેમના છપ્પનભોગ વગર અને 'માખણચોર'ને એમના માખણ સિવાય સ્વીકારવાની વાત આવે તો તે શરતી સ્વીકાર કહેવાય. તે 'જો અને તો'વાળી શ્રદ્ધા અધકચરી કહેવાય. કૃષ્ણ સાથેનો તંતુ તેટલો નબળો પડી ગયો કહેવાય. જો કોઈ વીગન મમ્મી પોતાના છોકરાં સાથે અંગ્રેજીમાં જ વાત કરતી હશે તો, નવી પેઢીનો કૃષ્ણ સાથેનો તંતુ સાવ કપાઈ જશે. મમ્મીને 'માખણચોર'નાં માખણ સામે વાંધો પડસે અને અંગ્રેજી બોલતાં છોકરાં માટે કૃષ્ણ થીફ (thief) બની જશે. તે ઘરમાં ઉજવાતી જન્માષ્ટમી માત્ર એક આચાર હશે. કૃષ્ણનાં શરતી સ્વીકાર કર્યા પછીનો ઠાલો આચાર. કૃષ્ણ સાથે આવો અધકચરો સંબન્ધ ઠીક નથી.

'દૂધ મેળવવા માટે થતી ઢોરોની સતામણીમાં મારું કોઈ યોગદાન નથી' – તે પાક્કું કરવા વીગન થયાં હતાં પણ અજાણતા જ કૃષ્ણ સાથેનો તંતુ નબળો પડી ગયો. આવું ના થાય તે માટે વચ્ચેનો કોઈ રસ્તો કાઢવો પડે. કૈંક એવી વ્યવસ્થા કરીએ કે આપણને ખબર પડે કે આ દૂધ ફૅક્ટરી ફાર્મિંગમાંથી આવ્યું છે કે સહકારી મંડળીમાંથી. આપણે એવી માંગણી કરીએ કે ફૅક્ટરી ફાર્મિંગમાંથી આવતા દૂધના પ્રત્યેક પેકેટ પર નોંધ હોવી જોઈએ કે "આ દૂધ ફૅક્ટરી ફાર્મિંગમાંથી આવ્યું છે" જે લોકોને ફૅક્ટરી ફાર્મિંગમાંથી આવતા 'દુઃખી' દૂધ સામે વાંધો હોય તે સૌ આ દૂધ ના ખરીદે. પેકેટ પર આવી નોંધ ના હોય તે દૂધને સહકારી મંડળીમાંથી આવતું દૂધ ગણવું. તે દૂધ અને તેવા દૂધમાંથી બનતી પેદાશો ખુલ્લા મને સ્વીકારવી. પોતે પણ આરોગવી અને પ્રસાદ બનાવવા માટે પણ વાપરવી. સાવ વીગનના બની જવું. માત્ર ફૅક્ટરી ફાર્મિંગમાંથી આવતાં 'દુઃખી' દૂધ અને તેની બનાવટોનો ત્યાગ કરવો. હવેલીઓ અને મંદિરોમાં ધરાવાતો અન્નકૂટ અને છપ્પનભોગ પ્રસાદ મસ્તીથી, ભગવાનનું નામ લઈને આરોગવો. તે સાથે સહકારી મંડળીઓમાં દૂધ પહોંચાડતા સૌને વિનંતી કરી શકાય કે તે મશીન / પમ્પ દ્વારા આંચળમાંથી દૂધ ખેંચવાની અમાનવીય રીતે

બંધ કરે. દરેક ઢોરને હાથેથી દોહવાની રીત જ અપનાવે. આમ કરવાથી ઢોરને આંચળ પર ધાતુનું દબાણ આવવાથી થતો ત્રાસ બંધ થશે અને આ રીતે મળતું દૂધ 'દુ:ખી' દૂધ નહીં રહે.

કેટલાક લોકો દૂધ વાછરડા માટે છે તેમ કહીને દૂધ નથી પીતાં. પણ દૂધની બીજી બનાવટો સામે તેમને વાંધો નથી હોતો. તેમની અહીં વાત નથી. આ તો ખુબ ચુસ્ત પણે વીગન આહાર આરોગતાં લોકોની વાત છે. એક તરફ આપણે 'ગૌરક્ષા'ની અને 'વીગન થવાની' વાવો કરીએ અને બીજી તરફ પ્લાસ્ટિકની ઝભલા-થેલીમાં ભરીને શાકભાજીનાં છોતરાં કચરામાં નાખીએ, તો આપણું આચરણ દંભી કહેવાય. બિચારી મૂંગી ગાયોના પેટમાંથી કિલોબંધ પ્લાસ્ટિકની થેલીઓ નીકળે છે તેની આપણને ફિકર નથી. ગાયોને આમ સીધેસીધી હેરાન કરવામાં આપણે ખચકાતા નથી તો તેમની અન્ય રીતે થતી પજવણી વિશે વાત કરવાનો આપણને અધિકાર નથી રહેતો. જો તમે વિદેશમાં રહેતા હોવ અને ટેટ્રા પૅકમાં આવતુ વિગન દુધ પીતા હોવ તો પણ મુસીબત તો તેવી ને તેવી જ છે. વાપરીને ફેકી દેવાયેલુ ટેટ્રાપેક બાયોડિગ્રેડેબલ નથી હોતું. તે પૅકીંગમાં રહેલા પ્લાસ્ટિકના અંશો જો સમુદ્ર ભેગા થાય તો તે પ્લાસ્ટિક થકી સમુદ્રીજીવોની બરાબર સતામણી થાય છે. તો એટલું નક્કી કરીએ કે, ફૅક્ટરી ફાર્મિંગના દૂધને સંપૂર્ણ જાકારો આપવો અને પૅકેટોમાં આવતો ખોરાક નહીં વાપરીને પૅકિજિંગનો કચરો ના પેદા કરવો. તેટલું કરીશું તો આ પૃથ્વી પરના ઘણા મૂંગા જીવોની સતામણી ઓછી થશે તે સાથે દૂધ દોહવા માટે ધાતુના પમ્પ વાપરવાનાં બંધ કરીશું તો વધુ સંવેદનશીલ સમાજનું નિર્માણ કરી શકીશું. ગોપાલને તેની ગાય અને પ્રસાદ સાથે વધાવીશું તો શ્રદ્ધા પાકી કરવામાં સુગમતા રહેશે.

**- સોરમ ભક્તિબેન-રશ્મિકાન્ત પરીખ કોટીયા,**
**વડોદરા, મો. ૯૪૨૬૮ ૦૬૧૫૨**

# ભારતની આબોહવા, સામાજિક વ્યવસ્થાને જોતાં ૭૦ કલાક કામ કરવાનો પ્રસ્તાવ અયોગ્ય



ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિએ તાજેતરમાં યુવાનોને દર અઠવાડિયે 70 કલાક કામ કરીને દેશના અર્થતંત્રને આગળ વધારવાની હાકલ કરી છે. જોકે તેમના આ પ્રસ્તાવને કારણે હોબાળો થઈ ગયો છે. ઈન્ટરનેટ પર અનેક યુઝર્સે આ પ્રસ્તાવ તીવ્ર અણગમો પણ દર્શાવ્યો છે. તેમની દલીલ એવી છે કે કંપનીના CEO ના પગાર જે રૉકેટ સ્પીડે આગળ વધી રહ્યા છે તે ઝડપે કર્મચારીઓના પગારમાં વધારો જોવા મળતો નથી. આમેય વિશ્વના વિકસિત દેશોની સરખામણીમાં ભારતમાં લોકો વધારે કલાક કામ કરી રહ્યા છે. તેમાં હજુ વધારે કામ કરવાનું દબાણ સામાજિક વ્યવસ્થાને ખોરવી નાખશે તેવી પણ દલીલ અનેક લોકોએ કરી છે. ઉપરાંત વિદેશમાં કલાક દીઠ પે આપવામાં આવે છે. જ્યારે ભારતમાં મહિનાનો પગાર ફિક્સ હોય છે. આમ ઘણા લોકોએ એ પણ દલીલ કરી કે જો કંપનીના માલિકો કર્મચારી પાસે વધારે કલાક કામ કરવાની અપેક્ષા રાખતા હોય તો તેમણે પણ વિદેશની કંપનીઓની જેમ કલાકના રૂપિયા ચૂકવવા જોઈએ.

બીજું, ભારતમાં સ્ત્રીઓ ચોક્કસ કમાતી થઈ છે, પરંતુ વર્કિંગ વુમનને સપોર્ટ કરવા માટે સામાજિક અને પારિવારિક માળખામાં જરૂરી ફેરફારો થયા નથી. આવામાં લગ્ન પછી સ્ત્રીઓ માટે આઠ કલાક નોકરી કરવી પણ પડકારજનક છે. જો અઠવાડિયાના ૭૦ કલાક કામ કરવાનો નિયમ હોય તો તેમણે રોજના ૧૨ કલાક જેટલો સમય નોકરી પાછળ આપવો પડે, જે હાલની સામાજિક વ્યવસ્થા જોતાં અશક્ય છે. આથી જો કામના કલાકોમાં વધારો થાય તો સ્પષ્ટપણે કારકિર્દીમાં આગળ વધવા માગતી મહત્વકાંક્ષી મહિલાઓના ગ્રોથ ઉપર બ્રેક લાગી જાય તેમ છે.

ભારતમાં વર્ક-લાઈફ બૅલેન્સનું મહત્ત્વ ખૂબ જ વધારે છે. આજની તારીખે લોકો માને છે કે વ્યક્તિ પૈસા કમાય, પણ ફૅમિલી સાથે જરાય સમય ન વિતાવી શકે તો શું કામનું ? આપણી સામાજિક વ્યવસ્થા પરિવારની આસપાસ ગૂંથાયેલી

છે. તેથી લોકો માને છે કે પગાર થોડો ઓછો હશે તો ચાલશે, પણ વ્યક્તિ પરિવાર સાથે પૂરતો સમય ગાળી શકે તે જરૂરી છે.

આ ઉપરાંત ભારતની આબોહવા પણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે, જેમ કે યુ.એસ. જેવા ઠંડા દેશોમાં લોકો સવારે આઠ વાગ્યે કામ કરવા જતા રહે અને રાત્રે મોડા આવે તો તેમને થાક કે એક્ઝોશનનો અનુભવ થતો નથી, પરંતુ ભારતમાં એવું નથી. ગરમીને કારણે થોડા કલાક કામ કર્યા બાદ વ્યક્તિ અકળાઈ જાય છે. આ ઉપરાંત વધારે વસ્તીને કારણે રસ્તા પર ટ્રાફિક પણ ખૂબ વધારે હોય છે. પરિણામે ઑફિસમાં કામના કલાકો ઉપરાંત ઘણા લોકોને દિવસના 2 થી 2.5 કલાક તો નોકરીને સ્થળે આવવા-જવામાં લાગી જાય છે. આવા સંજોગોમાં જો કામના કલાકો વધારવામાં આવે તો વ્યક્તિની પર્સનલ લાઈફ સાવ ખતમ જ થઈ જાય તેવી ભીતિ રહેલી છે.

સામાન્ય રીતે કર્મચારીઓની પ્રોડક્ટિવિટી 70 ટકા જેટલી હોય છે. જેમ ભૂખ વધારે લાગી હોય પણ તમે અમુક ક્ષમતા કરતાં વધારે ખાઈ નથી શકતા, એ જ રીતે તમે કામના કલાકો વધારશો તો પણ કર્મચારી અમુક ક્ષમતા વધારે કામ કરી નથી શકતા. જો તમારે કામ વધારે રહેતું હોય તો કામના કલાકો વધારવાને બદલે મલ્ટિપલ શિફ્ટમાં જુદા જુદા કર્મચારીઓ પાસે કામ કરાવવું વધારે યોગ્ય છે.

વિશ્વના અન્ય દેશો ફાઈવ અને ફોર ડેઝ વર્કિંગ તરફ આગળ વધી રહ્યા છે ત્યારે ભારતમાં હજુ પણ એમ્પલોયરનું માઈન્ડસેટ જુનવાણી છે. તેઓ વધુ મેનપાાવર રાખવા કરતાં કર્મચારી પાસે વધારે કામ લેવડામાં માને છે. આ કારણે કર્મચારીના સ્કિલ બિલ્ડિંગ પર ધ્યાન નથી અપાતું પરિણામે જો માર્કેટની જરૂરિયાત કે ટ્રેન્ડ બદલાય તો કર્મચારી તેની સાથે કદમ મિલાવી શકતા નથી. આ માટે કંપનીઓએ કર્મચારીને મહત્ત્વ આપવું જોઈએ. જો કંપનીઓ કર્મચારીના KPI અને KRA પર ફોક્સ કરે તો કામના કલાક વધારવાની જરૂર જ પડતી નથી. તેઓ હાલ જેટલા કલાક કામ કરે છે તેટલા જ સમયમાં તેમની પાસે વધારે કામ લઈ શકાય છે.

KPI એટલે કી પરફોર્મન્સ ઇન્ડિકેટર્સ અને KRA એટલે કી રિસ્પોન્સિબિલિટી એરિયા. તેમાં કર્મચારીની શું જવાબદારી છે અને તેને નોકરીમાં બઢતી કયા આધારે આપવામાં આવશે તે બધું જ કાગળ પર લખીને નિશ્ચિત કરવામાં આવે

છે. આથી જો રૂ. 50,000/- નો પગારદાર હોય તો તેની પાસે પગાર જેટલું કામ કંપની લકી લઈ શકે છે કે નહિ તેનો સ્પષ્ટ અંદાજો આવે છે. આ પદ્ધતિથી કર્મચારીઓની પ્રોડક્ટિવિટી વધે છે, તેમને શું કામ કઈ રીતે કરવાનું છે તેનો અંદાજ આવે છે અને તેમની પાસેથી સાલામાં સારું આઉટપુટ મેળવી શકાય છે.

કર્મચારીઓના વર્તન અને પરફોર્મન્સ પર થયેલાં અનેક સંશોધનો સૂચવે છે કે સ્ત્રીઓ ઓછા સમયમાં પુરુષો કરતાં વધારે કામ કરી શકે છે. પહેલું, સ્ત્રીઓ મલ્ટિટાસ્કિંગ કરવામાં માહેર હોય છે. બીજું, તેમનું ફોકસ અને શારીરિક સ્થિરતા પુરુષો કરતાં વધારે હોય છે. આથી ઓવરટાઈમ કરવાને બદલે તેઓ પોતાને જે સમય મળે તેમાં ઝડપથી કામ પૂરું કરીને ઘરે જવાનું પસંદ કરે છે. ખાસ કરીને ઘરની જવાબદારી સંભાળવાની હોવાથી પરિણીત મહિલાઓમાં આ વલણ વધારે જોવા મળે છે, પરંતુ તેઓ કામના કલાકો મર્યાદિત આપી શકતા હોવાને કારણે પગારવધારો માગવામાં તે પાછા પડે છે.

કર્મચારી અને આંત્રપ્રિન્યોર્સનું માઈન્ડસેટ અલગ જ હોય છે. નારાયણ મૂર્તિ અઠવાડિયાના 80 કલાક કામ કરે છે એટલે તે આ મુકામ પર પહોંચી શક્યા છે. બિઝનેસ ઓનર કર્મચારીઓ પાસે તેમના જેટલી જ મહેનત કરવાની અપેક્ષા ન રાખી શકે. બીજું, હવેની પેઢીનું માઈન્ડસેટ ઝડપથી બદલાઈ રહ્યું છે. તેઓ 50 ટકા ઇન્ક્રિમેન્ટ માગે છે, પરંતુ સામે જોબમાં કમિટમેન્ટ આપવા તૈયાર નથી. સ્ટાર્ટઅપ્સ પણ તેમને ફંડિંગ મળે એટલે કર્મચારી માગે તે સેલરી પર બલ્ક હાયર કરતા હોવાથી કર્મચારીઓ ટૂંકા ગાળાનો લાભ જોઈને સ્ટાર્ટઅપ્સમાં જોડાઈ જાય છે. આવા માહોલમાં કર્મચારીઓ પાસે વધુ કલાક માટે કામ કરવાની અપેક્ષા રાખવી પ્રૅક્ટિકલ જણાતી નથી.

**- શ્રેયા પરીખ, અમદાવાદ**

**મો. ૯૯૭૪૩ ૯૦૨૬૮**

આ આર્ટિકલ જી.સી.સી.આઈ ના મેગેઝીન મા સપ્ટેમ્બર–ઓક્ટબર–૨૦૨૩ના અંકમાં પ્રસિધ્ધ થયેલ છે.

**સુધારો**

ડિસેમ્બર–૨૩ના અંકમાં 'વાસ્તુ'ના આર્ટિકલની લેખીકાનું નામ દિવ્યા પરીખ તરીકે વાંચવા વિનંતી.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# સૌથી સસ્તું અમદાવાદ



સસ્તાની શોધમાં આખું અમદાવાદ ખૂંદી કાઢતાં અમદાવાદીઓને હવે ખરેખર સૌથી સસ્તા શહેરની પદવી મળી ગઈ છે. આખા વિશ્વના 173 દેશોમાં જીવનધોરણ અને ખર્ચના આધારે ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટે વર્લ્ડવાઈડ કોસ્ટ ઓફ લિવિંગ સર્વે 2021 ના રિપોર્ટમાં અમદાવાદને વિશ્વનું સાતમાં નંબરનું સૌથી સસ્તું જાહેર કર્યું છે, એટલે કે સમગ્ર ભારતમાં પહેલાં નંબરનું સૌથી સસ્તું શહેર અમદાવાદ જ છે, જે આપણા સૌ માટે ગર્વનો વિષય છે.

અમદાવાદને સૌથી સસ્તા શહેર સિવાય બીજી પણ પદવીઓ મળેલી છે, અમદાવાદ દેશનું સૌ પ્રથમ હેરીટેજ શહેર છે, હાલમાં જ થયેલા સ્વચ્છ ભારત સર્વેમાં 40 લાખથી વધુ વસ્તીવાળા શહેરોમાં સૌથી પ્રથમ સ્વચ્છ શહેર અમદાવાદ બન્યું છે. તે ઉપરાંત અમદાવાદને બી.આર.ટી.એસ. ના યોગ્ય આયોજન માટે, રિવરફ્રન્ટની સુંદર વ્યવસ્થા માટે, સ્માર્ટ સિટીની ગતીવિધીઓ માટે વિવિધ એવોર્ડ્સ પણ મળ્યા છે, જે આપણા સૌ માટે ખૂબ જ આનંદની વાત છે.

જો સૌથી સસ્તા શહેરની પદવી મળવાની વાત કરીએ તો, અહીં સસ્તી વસ્તુની ખરીદી માટે લાલદરવાજા, ત્રણ દરવાજા, માણેકચોક ઉપરાંત બાપુનગરમાં ભીડભંજનવાળું બજાર પ્રખ્યાત છે. રીવરફ્રન્ટમાં વર્ષોથી ભરાતું રવિવારનું ગુજરી બજાર તો દેશ-વિદેશમાં જાણીતું છે, ગુજરી બજારમાં જુના પુસ્તકોથી માંડીને ઘરવખરી, કપડાં, ફર્નીચર, જુના સિક્કાઓ, એન્ટીક વસ્તુઓ વગેરે અનેક વિવિધ વસ્તુઓ સસ્તા ભાવમાં મળી રહે છે. તે ઉપરાંત હવે તો પશ્ચિમ વિસ્તારમાં પાથરણાં બજાર વિશેષ ધ્યાન ખેંચે છે, જ્યાં પણ સસ્તા ભાવમાં કપડાં મળી રહે છે. રિલીફરોડ પરની રતનપોળમાં લગ્નસરાની ખરીદી માટે દૂર દૂર થી લોકો આવે છે તથા આજ રીલીફ રોડ પર ઈલેક્ટ્રોનિક બજાર અને પગરખાં બજારમાં જેવી જોઈએ તે પ્રકારની દરેક વસ્તુઓ સસ્તા દરે મળી રહે છે.

ખરીદી ઉપરાંત જાહેર પરીવહન માટે અમદાવાદમાં શટલ રીક્ષાઓની પણ સારી વ્યવસ્થા છે, જે સસ્તામાં અમદાવાદીને તેના ઘરેથી પાંચેક કિલોમીટર સુધી જવું હોય તો શટલ રીક્ષા પહોંચાડી દે છે. વળી પાછું તે સ્થળેથી આગળ જવા

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

માટે બીજી શટલ રીક્ષા કરીને વ્યક્તિ બીજા સ્થળે ઓછા ખર્ચે પહોંચી શકે છે. અહીં લગભગ જો કોઈ બેરોજગાર હોય તો શટલ રીક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવી લે છે. એ.એમ.ટી.એસ. જે અમદાવાદની વર્ષો જુની લાઈફલાઈન છે, તે પણ સસ્તા દરે દરેકને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડે છે. બી.આર.ટી.એસ. માં હવે વિદ્યાર્થીઓ વધારે જોવા મળે છે કારણ કે તેનું સસ્તું ભાડું ઉપરાંત મફત વાઈ-ફાઈની પણ વ્યવસ્થા હોવાથી વિદ્યાર્થીઓ ઈન્ટરનેટ વાપરવા માટે પણ બી.આર.ટી.એસ.માં મુસાફરી કરે છે. ટુ વ્હીલર વાળા લોકો શેરીન્ગ કરીને પોતાનો ખર્ચો અડધો કરી દે છે. તે ઉપરાંત હવે તો ખૂબ ઓછા ભાડામાં જો સાયકલ ભાડે જોઈતી હોય તો સારી કંપનીની સાયકલ ભાડે મળી રહે છે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલ અને સોલા સિવિલ હોસ્પિટલમાં તો લગભગ મફત જ દરેક દર્દીની ઉત્તમ સારવાર કરવામાં આવે છે. તે ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલ જૂની વી. એસ. હોસ્પિટલ, એસ.વી.પી. હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, શારદાબહેન હોસ્પિટલ પણ હવે આધુનિક સારવાર ખૂબ જ નજીવા દરે કરે છે. તે ઉપરાંત દરેક વોર્ડમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટર, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પણ સારી સારવાર મફત થઈ રહી છે. અમદાવાદમાં સસ્તી અને સારી દવાઓ પણ મળી રહે છે, તેના માટે પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રો ઉપરાંત વિવિધ ટ્રસ્ટ તરફથી પણ નજીવા દરે વિવિધ આરોગ્ય સેવાઓ પણ દરેકને મળી રહે છે.

અમદાવાદમાં વિદ્યાર્થીઓના શિક્ષણ માટે વિવિધ પુસ્તકો પણ સસ્તા દરે ઉપલબ્ધ છે. ગાંધી રોડ પરના પુસ્તક બજારમાં નવા પુસ્તકો ડીસ્કાઉન્ટ ભાવે ઉપરાંત ગરીબ વિદ્યાર્થીઓને દરેક ધોરણના જુના પુસ્તકો પણ ખૂબ જ નજીવા દરે મળી રહે છે. ગાંધી રોડ પર મેડિકલ અને એન્જિનિયરિંગ શાખાના જૂના પુસ્તકો પણ વ્યાજબી ભાવે મળે છે. "આદર્શ અમદાવાદ" નામની સંસ્થા તો એન્જિનિયરિંગના પુસ્તકો જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને મફત આપે છે.

આમ, અમદાવાદ અનેક ખાસીયતોથી ભરેલું અનોખું શહેર છે, અહીંના લોકો ફક્ત સસ્તું શોધતા હોય તેવું પણ નથી, અમદાવાદીઓ દાનવીર પણ એટલા જ છે અને ખાવા પીવાના શોખીન પણ એટલા જ છે. અમારા આશાવાદી અમદાવાદીઓ વિશે જેટલું લખાય તેટલું ઓછું છે.

**- રિપલકુમાર પરીખ, અમદાવાદ, મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી વણીક સમાજ, અમદાવાદ

શ્રી સમીરી વણીક સમાજ ધ્વારા તેના સભ્યો માટે દિવાળી પછીનો સ્નેહ મીલન કાર્યક્રમ તા. 17-12-2023 ના રોજ હોટલ પ્લેટીનમ ઈન, અંજલી ચાર રસ્તા પાસે, વાસણા ખાતે રાખવામાં આવ્યો હતો.

આ પ્રોગ્રામમા લગભગ 155 સભ્યોએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. લગભગ 6-30 વાગ્યા સુધી 125 મેમ્બર્સ આવી ગયા હતા અને અર્લીબર્ડસના ઈનામ માટેની કુપનો મેળવી લીધી હતી. પ્રોગ્રામની શરૂઆત લગભગ 7-00 વાગે કરવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં એન્કરીંગની જવાબદારી શ્રી ગૌરાંગભાઈ આર. શાહએ નીભાવી હતી. સમાજના પ્રમુખશ્રી શૈલેષભાઈ પી. શાહ તેમની નાદુરસ્ત તબિયતના કારણે હાજરી આપી શક્યા ન હતા. પરંતુ તેમના દીકરા શ્રી તેજસભાઈ પ્રમુખશ્રીનો શુભેચ્છા સંદેશ અને ડોનેશનનો રૂ. 21,000/- નો ચેક સુપરત કર્યો હતો.

ગૌરાંગભાઈએ સૌ પ્રથમ બધા મેમ્બર્સને આવકારીને પ્રમુખશ્રીનો શુભેચ્છાસંદેશ વાંચી સંભળાવ્યો હતો. સમાજના કમીટી મેમ્બર્સ દ્વારા આજના પ્રોગ્રામના પ્રમુખપદે શ્રીમતી રેખાબેન અશોકભાઈ પરીખને રહેવા વિનંતી કરતા તેઓએ સંમતી બતાવી હતી.

શ્રી ગૌરાંગભાઈ ધ્વારા શ્રીમતી રેખાબેનને પ્રમુખ પદનું સ્થાન શોભાવવા મંચ ઉપર બોલાવ્યા હતા અને શ્રીમતી સ્મૃતીબેને પુષ્પગુચ્છ દ્વારા તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રીમતી રેખાબેને પ્રાસંગીક પ્રવચન કરી સૌ સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો અને રૂ. 11,000/- નું સમાજને ડોનેશન જાહેર કર્યું હતું. આજના આ પ્રોગ્રામમા અમેરિકાથી આવેલ શ્રીમતી મીનાબેન ઓઝા ખાસ હાજર રહ્યા હતા અને તેઓએ સમાજને રૂ. 63,000/- નું ડોનેશન જાહેર કરી પ્રોગ્રામ દરમ્યાન મળેલ કુલ ડોનેશનનો આકડો રૂ. 1,00,000/- સુધી પહોંચાડ્યો હતો અને સૌ સભ્યોનો ઉત્સાહ ખૂબ જ વધારી દીધો હતો. શ્રીમતી મીનાબેને જણાવ્યું કે બધા જ સભ્યોને મળી ખુબ જ આનંદ થયો. આટલી મોટી રકમમાં મળેલા ડોનેશન બદલ સર્વ દાતાઓનો સમગ્ર સમાજવતી કમીટી મેમ્બર્સ ખુબ ખુબ આભાર માને છે.

ત્યાર બાદ અર્લી બર્ડસનો ડ્રો કરી 5 જ્ઞાતિજનને ઈનામ આપવામાં આવ્યા

અને પછી હાઉસીની રમત રમાડવામાં આવી હતી. સમાજ દ્વારા હાઉસીની રમતમાં કુલ રૂ. 3790/- ના ઈનામો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ પંજાબી–ગુજરાતી ભોજનનો સ્વાદ માણી સૌ છુટા પડ્યા હતા.

પ્રોગ્રામમાં એક જ્ઞાતિજન તરફથી પણ રૂ. 5,000/- નું ડોનેશન મળેલ છે.

આ પ્રોગ્રામમાં ટોકન હાઉસીની ટીકીટ અને અર્લીબર્ડસની કુપન આપવાની વ્યવસ્થા સર્વ શ્રી સમીર પરીખ, શ્રેણીકભાઈ પરીખ અને અશેશભાઈ પરીખે સંભાળી લીધી હતી અને હાઉસી સર્વ શ્રી કંદર્પભાઈ પરીખ, રાજેન્દ્રભાઈ શાહ અને દીગંતભાઈ પરીખે રમાડી હતી.

દરેક કમીટી મેમ્બર્સના સાથ અને સહકારથી જ આવા સુંદર પ્રોગ્રામનું આયોજન શક્ય બની શક્યું છે. તે બદલ સૌ કમીટી મેમ્બર્સનો આભાર.

અમારા નવા કમીટી મેમ્બર્સને લેવાની જાહેરાતને અનુલક્ષીને શ્રી ગૌરાંગભાઈ આર. શાહ તથા શ્રી અશેશભાઈ કે. પરીખે તૈયારી બતાવતા તેઓ બંનેને હું કમીટીમાં આવકારું છું. હજુ કોઈને જો કમીટીમાં જોડાવાની ઇચ્છા હોય તો તેઓ મને જાણ કરી શકે છે.

આભાર સહ,

**શરદ જે. પરીખ**
(સેક્રેટરી)

**શ્રી વાયુદેવતાજી મંદિર, બાજવાડા, વડોદરા**

શ્રી વાયુદેવતાજી મંદિર, બાજવાડા, વડોદરા ને માતાજી માટે એક સાડી દામીનીબેન વિજયકુમાર શાહ, માંજલપુર, વડોદરા તરફથી ભેટ મળી છે. તેઓનો ખૂબ ખૂબ આભાર.

**શ્રી વાયુદેવતાજી મંદિર, અમદાવાદ**

સ્વ. દિપકભાઈ ઝવેરી તરફથી 15000-00 રૂપિયા ભેટ

અલ્પાબેન ભાવિનભાઈ શાહ તરફથી માતાજીના વસ્ત્રો (શણગાર) ભેટ અંદાજે કિંમત રૂપિયા 15000-00

**– નાનુભાઈ શાહ**

# શ્રી ડો. પિયુશ પરીખના પુસ્તકનું વિમોચન



તા. 25-9-2023 થી તા. 28-10-2023 સુધી “વ્રજ મોહે બિસરત નાહીં” વ્રજયાત્રાનું આયોજન પ.પૂ.ગો. 108 ડૉ. શ્રી વાગીશકુમાર મહારાજશ્રી દ્વારા થયું હતું. તેમાં શ્રી કામવન મુકામે ડો. પિયુષ પરીખ દ્વારા લખાયેલ પુસ્તક “શ્રી રાધે રાધે શ્રી યમુને યમુને”નું વિમોચન પ.પૂ. ગો. ૧૦૮ કાંકરોલી નરેશ તૃતીય ગૃહાધીશ ડૉ. વાગીશ કુમાર મહારાજશ્રી, ગોસ્વામી કાંકરોલી યુવરાજ 108 શ્રી વેદાંતકુમાર મહોદયશ્રી અને ગોસ્વામી કાંકરોલી યુવરાજ ૧૦૮ શ્રી સિદ્ધાંતકુમાર મહોદયશ્રીના વરદ હસ્તકમલ દ્વારા તારીખ 8-10-2023, શનિવારના રોજ થયું હતું.

આ પુસ્તિકામાં શ્રી રાધાજીની 100 થી પણ વધારે વધાઈઓ, શ્રી યમુનાજીના નિત્યના પદો, શ્રી ગુંસાઈજી મહારાજ દ્વારા, શ્રી હરિરાયજી મહારાજ દ્વારા અને પ.પૂ. બ્રહ્મર્ષિ નિ. લી. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી દ્વારા શ્રી સ્વામિનીજી અને શ્રી યમુનાજીની સ્તુતિઓનું ગુજરાતી ભાવાર્થ કરવામાં આવેલ છે. આ પુસ્તિકાનું લેખન અને સંકલન ડૉ. પીયૂષ પરીખ (M. B. B.S., Bhruch-Patan) દ્વારા કરવામાં આવ્યું છે.

આ પુસ્તિકાના મનોરથી પ.ભ. શ્રી પરાગભાઈ મહેતા અને દીનાબેન મહેતા (U.S.A.) ના ભાવથી પ્રગટ થઈ રહી છે.

## હરીશ શાહના આઠ પુસ્તકોનું લોકાર્પણ



પ.પૂ. ૧૦૮ ષષ્ઠ પીઠાધિશ્વર દ્વારકેશલાલજી મહોદયના સાનિધ્યમાં VIPO અને જયંતોર્મિ સાહિત્ય સેવા ટ્રસ્ટ (જે હરીશના માતાપિતાની સ્મૃતિમાં આવિષ્કાર પામ્યું છે) ના ઉપક્રમે ષષ્ઠપીઠ સાહિત્ય પર્વ સંસ્કારનગરી વડોદરાના સયાજીનગર ગૃહમાં ડિસેમ્બર 11, 2023 ના રોજ ઉજવાઈ ગયું. આ કાર્યક્રમમાં આપણી જ્ઞાતિના કવિ હરીશ શાહ ના એક સાથે આઠ પુસ્તકોનું લોકાર્પણ થયું હતું. સોમવારનો દિવસ અને બપોરનો સમય હોવા છતાં વ્યાપક સંખ્યામાં ભાવકો અને ચાહકો ઉપસ્થિત હતાં.

કાર્યક્રમના અતિથિવિશેષપદે ગુજરાત સાહિત્ય અકાદમીના ભાગ્યેશ જહા, VIPO ના ચેરમેન શશીકાંત પરીખ, વડોદરા ભાજપના પ્રમુખ ડૉ. વિજય શાહ, બંદિશભાઈ શાહ મંચસ્થ હતા. કવિ ત્રિપુટી રાજેન્દ્ર શુકલ, સંજુ વાળા અને તુષાર શુકલની ઉપસ્થિતિ નોંધનીય હતી. કાર્યક્રમનું સંચાલન કવિ અંકિત ત્રિવેદીએ કર્યું હતું.

મંચસ્થ મહાનુભાવોના અભિવાદન બાદ હરીશ શાહની આત્મકથા ‘Absorb, Apply, Allocate’ નું લોકાર્પણ પ.પૂ. ગોસ્વામી દ્વારકેશલાલજી મહોદયના વરદ્હસ્તે સંપન્ન થયું હતું.

ભાવકો, ચાહકો, સ્નેહીઓ અને સાહિત્યકારોની હાજરીમાં ગઝલઋષિ

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

રાજેન્દ્ર શુક્લનું વિશિષ્ટ સ્વાગત સન્માન તેમ જ તુષાર શુક્લ, સંજુ વાળા અને અંકિત ત્રિવેદીનું વિશિષ્ટ સાહિત્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

લાઈફ ટાઈમ એચિવમેન્ટ પુરસ્કાર મનોહર ત્રિવેદી, દિલીપ જોશી, રમેશ આચાર્ય, ગુલામ અબ્બાસ 'નાશાદ', નિરંજન યાજ્ઞિક, દિનેશ ડોંગરે 'નાદાન' ને તેમજ શૈલેષ ઠાકરને મેનેજમેન્ટ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

આર. પી. જોશી અને શિલ્પી બુરેઠાને પ્રોસ્પોગ્રાફી એવોર્ડ તેમજ મીનાક્ષી ચંદારાણાને અનુવાદ માટે, વિવેક મનહર ટેલરને ઈન્ટરનેશનલ પોએટ્રી માટે, સ્નેહી પરમારને તેમના પુસ્તક 'ઉડતું ભાળ્યું અંધારું' માટે એવોર્ડ અર્પણ કરવામાં આવેલ. સાહિત્યની વિશિષ્ટ સેવાઓ માટે જિતુભાઈ પંડ્યા તેમજ માતૃભાષા અભિમાન સંચાલિત પુસ્તક પરબના શિલ્પાબહેન શેલતને ઉપરાંત નોંધપાત્ર કવિઓ બાબુલાલ ચાવડા 'આતુર' અને સ્નેહલ જોષીને મહાનુભાવો દ્વારા પોંખવામાં આવ્યા હતા.

ત્યારબાદ હરીશ શાહના સાત કાવ્યસંગ્રહનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંચસ્થ મહાનુભાવો તેમ જ મંચની નીચે પરિવારજનો દ્વારા અદ્ભુત રીતે લોકાર્પણ થયું હતું. આ સમયે સમગ્ર હોલ તાળીઓથી ગૂંજી ઉઠ્યો હતો. પ્રતિભાવમાં હરીશે તેની સાહિત્યયાત્રાની સફરનું સ્મરણ કર્યું હતું અને સ્વજનોને યાદ કરી ભાવવંદના કરી હતી. હરીશની કવિતામાં જીવનના રંગો છલકાય છે. તેની કવિતા સાંભળ્યા પછી આપણામાં ખીલેલા બાગની સુગંધનો પરિચય થાય છે.

કવિ તુષાર શુક્લ, રાજેન્દ્ર શુક્લ, સંજુ વાળા, ભાગ્યેશ જહા અને પ.પૂ. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યા હતા.

હરીશ શાહના એક સાથે આઠ પુસ્તકોનું લોકાર્પણ વડોદરાના સાહિત્યાકાશમાં અનન્ય ઘટના છે. જયંતોર્મિ ટ્રસ્ટનો શુભારંભ આ ભવ્ય કાર્યક્રમથી થયો હતો. કાર્યક્રમના અંતમાં હરીશ શાહના સંચાલનમાં 'જીવનયાત્રા' કવિ સંમેલન યોજાયું હતું. તેર કવિઓએ પોતાની ઉત્કૃષ્ટ રચનાઓ પ્રસ્તુત કરી હોલના વાતાવરણમાં કવિતાની સુગંધ ફેલાવી હતી.

આ ઉપલબ્ધિ માટે હરીશને ખૂબ ખૂબ અભિનંદન. જયંતોર્મિ ટ્રસ્ટ સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં ખૂબ આગળ વધે તેવી શુભેચ્છાઓ.

– હિમાંશુ શાહ

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## શ્રીમદ્ ભાગવત કથા – વ્રજધામ, ભુજ-કચ્છ

તા. 19-11-2023 થી 25-11-2023 સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ભાગવતના વક્તા શ્રી દીપ શાસ્ત્રીજી મહારાજ રહ્યા હતા અને તેમના મધુર કંઠસ્થ દ્વારા ભાગવતનું વાચન કરવામાં આવ્યું હતું. આ ભાગવત સપ્તાહમાં કુલ 121 પોથીઓ રાખવામાં આવી હતી. આ આયોજન જે શુભ સ્થળે રાખવામાં આવ્યું હતું, તે વૃંદાવનનગરને – વ્રજધામ નામ આપવામાં આવ્યું હતું. કથાનું દિવસમાં બે વાર વાચન કરવામાં આવતું હતું. સવારે 9-30 થી 12-30 અને ત્યાર બાદ બપોરે 3.00 થી 6-00 અને ત્યારબાદ રાત્રિનું ભોજન અને પછી રાત્રે 9-00 વાગ્યે થી 12-00 વાગ્યા સુધી સાંસ્કૃતિક પ્રોગ્રામો ચાલતા. આ કથામાં મંડપની જગ્યાએ Waterproof DOM બાંધવામાં આવ્યું હતું જેમાં લગભગ 500-600 લોકો એક સાથે બેસી શકે તેવી વ્યવસ્થા ગોઠવેલ હતી અને આ DOM માં 8-10 CCTV Camera તથા 2 પ્રવેશદ્વાર હતા તથા 24-Hrs માટે 4 Security પણ રાખેલ હતા તથા 2 મોટાં LED TV Screen DOM ને એકદમ વચ્ચે રાખેલ હતા જેથી પાછળ બેઠેલા લોકો પણ પ્રોગ્રામ નિહાળી શકે તથા પગરખાં રાખવા માટે અલગ જગ્યા પણ DOMS ની બહાર રાખેલ હતી અને ડોનેશન સમિતિનું એક અલગ કાઉન્ટર રાખવામાં આવેલ હતું.

આ આયોજન કરવાનો વિચાર સૌ પ્રથમ ભુજ સમાજના પ્રમુખશ્રી હરીશભાઈ શાહનો આવ્યો અને તેમણે આ વાત તેમની ટીમને કરી તથા સમસ્ત કચ્છી સમાજના પ્રમુખ શ્રી જીતુભાઈ શાહને પણ કરી અને તેઓ બધાની મંજૂરી બાદ આ વિચારનો પ્રસ્તાવ હરીશભાઈએ કચ્છી સમાજના તમામ લોકો સમક્ષ રજૂ કર્યું અને લોકો તરફથી સારો પ્રસ્તાવ મળ્યો ત્યારબાદ હરીશભાઈ એ શ્રીમદ્ ભાગવત સપ્તાહના નામથી એક Whatsapp Group બનાવ્યું જેમાં જે લોકોને પોથી લખાવવાની હોય એ દરેક લોકોને આ ગ્રુપમાં જાણ કરવાનું તથા ભાગવત સપ્તાહને લગતી તમામ મુદ્દાઓની ચર્ચા આ ગ્રુપ કરવાનું કહ્યું હતું તો જોત જોતામાં ગ્રુપ બન્યાના 30 જ મિનિટની અંદર 10-12 પોથીઓ નોંધાઈ ગઈ અને 5 થી 7 દિવસમાં તો પોથીની સંખ્યા 30 થી 35 સુધી પહોંચી ગઈ અને ધીમે ધીમે આ સંખ્યા 50 ને પાર ત્યારબાદ એક મહિનામાં 75 ને પાર પહોંચી ગઈ

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ(પાટણ)ના સર્વેને જય શ્રી કૃષ્ણ. હ. સુજલ પરિમલભાઈ પરીખ

અને ટૂક જ સમયમાં આ સંખ્યા 100 ને પાર પહોંચી ગઈ.... એવી રીતે છેલ્લે કુલ 121 પોથીઓ નોંધાઈ ગઈ.

પોથીઓ નોંધાઈ ગયા બાદ મુખ્ય આયોજન સમિતિ તથા પેટા સમિતિની રચના કરવામાં આવી કુલ 14 જેટલી સમિતિઓ બનાવવામાં આવી જેમકે આયોજન સમિતિ, સ્વાગત સમિતિ, ઉતારા સમિતિ, ભોજન સમિતિ, ડેકોરેશન સમિતિ, પોથી યાત્રા સમિતિ, મનોરંજન સમિતિ, ધાર્મિક સમિતિ... વગેરે જેવી સમિતિઓનું આયોજન કરવામાં આવ્યું. સમિતિ બન્યા બાદ આયોજકોને તેમના મુજબ કામની વહેંચણી કરવા આવી.

બીજી બાજુ મુખ્ય યજમાન માટે તથા તમામ પોથીના સામૈયુ કરવા માટેની ઉછામણી સૌ પ્રથમ Whatsapp મા જે Group બનાવ્યું હતું. તેમાં Online કરતાં જૂની પદ્ધતિ પ્રમાણે Offline સૌ સમક્ષ રાખવામાં આવે તો વધુ સારું રહે તેમ અમુક લોકોના કેહવાથી આયોજન સમિતિએ લોકોના પ્રસ્તાવનો વિચાર કરીને 30-7-2023 ના દિવસે સમાજ વચ્ચે ઉછામણી કરવાનું નક્કી કર્યું, પરંતુ કચ્છની બહારના લોકોને જો આ ઉછામણીમાં ભાગ લેવો હોય તો તેઓ કેમ લઈ શકશે એ એક મોટો પ્રશ્ન હતો ? ત્યારે આપણાં મુંબઈ સમાજના વતનીશ્રી અનિશભાઈ શાહે આ ઉછામણીને વધુ શાનદાર બનાવવા તથા કચ્છ બહારના લોકો પણ ભાગ લઈ શકે. તેના માટે Jio Meet દ્વારા તે આયોજન શક્ય બનાવવામાં આવ્યું. કચ્છ બહારના લોકો પણ તેમાં Join થયા અને જેમને ભાગ લેવો હતો તે લોકો એમાં પોતાની બોલી બોલતા હતા અને છેલ્લે આ ઉછામણીમાં મુખ્ય યજમાન પદે : જશરાજ ભીમજી શાહ પરિવાર, માંડવી તથા 121 પોથીના સામૈયા પદે : મૂળજી નારણદાસ શાહ પરિવાર, માંડવીને સૌભાગ્ય પ્રાપ્ત થયેલ હતું. ત્યારબાદ જોરશોરથી ભાગવત સપ્તાહ માટેની બાકીની તૈયારીઓ કરવામાં આવી હતી અને લગભગ દર રવિવારે સમાજની સામાન્ય સભાઓ આયોજન સમિતિ દ્વારા રાખવામાં આવતી હતી જેમાં લોકોને કોઈ સૂચનો અથવા કોઈ પ્રશ્ન હોય તો તેનું નિરાકરણ એક સાથે થઈ શકે અને મુખ્ય આયોજક સમિતિઓની મિટિંગો તો રોજ રાત્રિના સમયે રહેતી જ. આ સાથે કચ્છ સમાજના યુવક તથા યુવતીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈ સમાજના અગ્રણી શ્રી અનિશભાઈ શાહ અને તેમની ટીમ તથા મીડિયા સમિતિ દ્વારા આ કાર્યક્રમ માટે Vayda.Online નામની Website બનાવવામાં આવી હતી.

જેમાં આ કાર્યક્રમને લગતી તમામ માહિતી Update કરવામાં આવતી હતી. જે લોકો કોઈ કારણસર આ Program મા આવી નથી શક્યા તે લોકો પણ Website દ્વારા Live કથા તથા સાંસ્કૃતિક પ્રોગ્રામને માણી શકતા હતા.

કથાના પ્રારંભને અમુક સમય જ બાકી હતો ત્યારે આ કથાના મુખ્ય યજમાન : જશરાજ ભીમજી શાહ પરિવારના ઘરે એક દુ:ખદ કારણ બન્યું હતું તેથી એ પહેલા જેઓ ઉછામણીમાં બોલી બોલ્યા હતાં તે પરિવાર : વેલજી ભીમજી શાહ પરિવાર, મુંબઈનું ત્યારબાદ મુખ્ય યજમાનપદે નામ નોંધાયું.

આ કથા દરમિયાન બહારથી પધારેલ સમાજના લોકો માટે Hotel Kutch Heritage મા ઉતારો રાખવામાં આવ્યો હતો. તથા હોટેલથી વૃંદાવનનગર સુધી અવર–જવર માટે 2 બસ રાખેલ હતી. તારીખ 18-11-2023 ના રોજ દેહશુદ્ધિકરણ તથા સાંજના સમયે અન્ય ઉછામણીઓનું આયોજન કર્યું હતું તથા મુખ્ય યજમાન પરિવાર, સહ–યજમાન પરિવાર તથા Super Sponsors પરિવારોનાં તમામ લોકોનું ઉપરણા ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. તારીખ 19-11-2023 ના રોજ સવારે 7-30 વાગ્યે ભુજ મંદિરેથી શ્રીમહિષાસૂરમર્દીની માતાજી, વાયુ ભગવાન તથા અંબિકા માતાજીની આરતી અને ત્યારબાદ દર્શન કરીને ભવ્ય પોથી યાત્રાની શરૂઆત થઈ. જેમાં સૌથી આગળ ૫ બુલેટ બાઈક ભગવાન દ્વાજા સાથે, તયાર બાદ કળશ ધારેલ બાળાઓ, નાસિક ઠોલ, બે ઓપન કાર જેમાં એક કારમાં મુખ્ય યજમાન પરિવાર ની વ્યક્તિઓ તથા બીજી કારમાં વક્તા શ્રી દીપ શાસ્ત્રી મહારાજ હતાં. ડી.જે પાર્ટી, ઉંટ ગાડી, ટ્રેક્ટર, ૧૨૧ પોથીઓ ના યજમાનો મંત્રોચ્ચાર ના નારા બોલતી સમાજની બહેનો આમ આ રીતે પોથીયાત્રાની શરૂઆત થઈ. આ પોથીયાત્રાનું Shooting Drone દ્વારા કરવામાં આવ્યું હતું અને જે ત્યારબાદ હમીરસર પાસે સમાપ્ત થઈ અને ત્યાથી લોકો બસમા અને જે લોકો Two Wheeler લઈને આવ્યા હતા તેઓ બધા એક સાથે Bike રેલી કરીને હમીસરથી છેક વ્રજધામ–વૃંદાવન નગર તરફ રવાના થયા.

તારીખ 19-11-2023 ના રોજ સવારે 11-30 વાગ્યે વક્તાશ્રી દીપ શાસ્રી મહારાજ દ્વારા ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તારીખ 21-11-2023 ના વામન પ્રાગટ્ય, તારીખ 22-11-2023 ના રોજ બપોરે 12-00 કલાકે રામ જન્મોત્સવ તથા સાંજે 7-00 કલાકે કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો જેમાં બાળ–

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

કાનુડો ઋહી ઊર્મિલ શાહ ભગવાનલાલ નારણદાસ શાહ પરિવાર, સિંગાપોર તથા મટકી ફોડમા બાળ કાનુડો કુંચીત પ્રિયેશ શાહ – શિરીષ ગોપાલદાસ શાહ પરિવાર, ભુજ એ ભાગ લીધો હતો.

તારીખ 23-11-2023 ના ગોવર્ધન પુજા તથા છાકમનોરથ અને 24-11-2023 ના રૂક્ષ્મણી વિવાહનો કાર્યક્રમ હતો જેમાં વર પક્ષ માટે – નાનાલાલ તલકશી શાહ પરિવાર, વડોદરા તથા કન્યા પક્ષ માટે–વ્રજલાલ પ્રેમજી શાહ પરિવાર, ભુજે ભાગ લીધો હતો. તારીખ 25-11-2023 ના સવારે સુદામા ચરિત્ર ત્યારબાદ સાંજે કથાનું વિરામ હતું. બીજે દિવસે સવારે તારીખ 26-11-2023 ના રોજ નારાયણયજ્ઞ રાખેલ હતો.

દીપભાઈ શાસ્ત્રી દ્વારા કરવામાં આવેલ કથાનું વાચનમાં તથે તેમના દ્વારા આપવામાં આવતા દૃષ્ટાંત એટલા સરસ હતાં કે સાંભળવાની બધાને બહુ જ મજા આવતી અને કથામાંથી ઊભું થવાનું કોઈને મન પણ ન હોતું થતું તથા તેમની સાથે રહેલ સંગીતકારોના ગીતો સાંભળવાની પણ બહુ જ મજા આવતી અને એમાં પણ ચિરાગભાઈ જોશી દ્વારા બોલવામાં આવતું ઓ...કાનહા...!!! સાંભળવાની લોકોને બહુ જ મજા આવી.

આ સપ્તાહ દરમિયાન કચ્છમાં કાર્યરત એવા રાજકીય અગ્રણીઓ તથા કચ્છ સાંસદ સભ્ય – વિનોદભાઈ ચાવડાએ હાજરી આપી હતી તથા સમસ્ત વાયડા સમાજના પ્રમુક તથા વાયડામિત્ર ટીમના પ્રમુખ પણ હાજર રહ્યા હતા. જોતજોતામાં આ 7 દિવસ કેમ પૂરા થઈ ગયા એ ખ્યાલ જ ન રહ્યો, આ પ્રસંગે લોકો માટે એકદમ યાદગાર બની ગયો છે, જો હું ખોટો ન હોઉં તો આવું ક્યારેય નથી બન્યું કે આખો કચ્છી સમાજ જેમાં કચ્છ, મુંબઈ તથા વિદેશ વસતા તમામ લોકો આટલા સમય સુધી સાથે Enjoy કર્યો હોય !

આ પ્રસંગને યાદગાર બનાવવા માટે ખાલી કચ્છ સમાજના લોકો નહીં પરંતુ મુંબઈ સમાજના લોકોનો પણ બહુ મોટો ફાળો રહ્યો છે. જો તેમનો સપોર્ટ ન હોત તો કદાચ આ પ્રસંગ આયલો બધો યાદગાર ન બન્યો હોત.

**- રોનક શાહ, ભુજ**

**મો. ૯૩૭૭૯ ૯૦૦૫૭**

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## અવસાન

વડોદરા : કડી નિવાસી સ્વ. શ્રી જયંતભાઈ શાંતિલાલ પરીખ, ઉ.વર્ષ ૮૧, તા. ૨૩-૧૧-૨૦૨૩

ભૂજ : સ્વ. વસંતલાલ મુળજીભાઈ શાહ, ઉ. વર્ષ ૭૯, તા. ૧૭-૧૨-૨૦૨૩

થાને : સ્વ. અશ્વિન જેઠાલાલ શાહ, ઉ.વ. ૬૭, તા. ૪-૧૧-૨૦૨૩

કચ્છ : સ્વ. શારદાબહેન વ્રજલાલભાઈ, ઉ.વ. ૭૮, તા. ૧૨-૧૧-૨૦૨૩

પાટણ-વડોદરા : સ્વ. વનલીલાબહેન ચંદ્રકાંતભાઈ ચંદુલાલ પરીખ, ઉ.વ. ૮૯, તા. ૨૮-૦૯-૨૦૨૩

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

પ્રદીપ નવનીતલાલ શાહ પરિવાર (પૂના)ના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

## RECEIPT TILL 25/12/2023

| Receipt No. | Person name | Amout | Towards Which |
|---|---|---|---|
| 48 | Amitbhai Gordhandas Parikh | 13100 | community |
| | messagener income + donation + advertisement | | |
| 49 | Harishbhai Ramjibhai Vayada | 1100 | Donation |
| 50 | Kaminiben Akhilbhai Gandhi | 5000 | Donation |
| 51 | Laksh Polimers | 1950 | Diwali Adv. |
| 52 | Namitaben Mehulkumar Shah | 2100 | Donation |
| 53 | Vidhi Travels | 1500 | Diwali Adv. |
| 54 | Dilipbhai Jivanlal Shah | 1111 | Donation |
| 55 | Huminivex Consulting & Hiring | 4200 | Diwali Adv. |
| 56 | NVP Consultant Pvt. Ltld. | 2100 | Diwali Adv. |
| 57 | Shaileenbhai Nalinbhai Shah | 500 | Diwali Adv. |
| 58 | Anishbhai Shreyasbhai Parikh | 2100 | Diwali Adv. |
| 59 | Jayeshbhai Rameshchandra Shah | 2100 | Diwali Adv. |
| 60 | Ronak Dental Clinic | 2100 | Diwali Adv. |
| 61 | Dr. Piyushbhai Nandlal Parikh | 500 | Diwali Adv. |
| 62 | Suyog Electrical Pvt. Ltd. | 500 | Diwali Adv. |
| 63 | Ashishbhai Hemantbhai Kashiparekh | 2900 | Diwali + Panel Adv. |
| 64 | Nikhil Enterprise | 5000 | Diwali + Panel Adv. |
| 65 | Aarti Maternity Hospital | 5000 | Diwali + Panel Adv. |
| 66 | Dr. Mehulbhai Rameshbhai Parikh | 1600 | Panel Adv. |
| 67 | Prakash Oil Industries | 1800 | Diwali + Panel Adv. |
| 68 | Sudhaben Ashwinbhai Merchant | 2900 | Diwali + Panel Adv. |
| 69 | Pallaviben Chinubhai Shah | 2900 | Diwali + Panel Adv. |
| 70 | C. Sunderlal & co. | 2100 | Diwali Adv. |
| 71 | Nanalalbhai Shamjibhai Shah | 2900 | Diwali + Panel Adv. |
| 72 | Indubhai Shah & Brothers | 2100 | Diwali Adv. |
| 73 | Deepakbhai Mahendrakumar Shah | 4200 | Diwali Adv. |
| 74 | M/s Pannalal Mohanlal & Co. | 1000 | Diwali Adv. |
| 75 | Parikh Sales | 2100 | Diwali Adv. |
| 76 | Sonalben Pradipbhai Parikh | 7100 | Diwali + Panel Adv. |

અંતિમક્રિયા માટે ગેસ અને વિદ્યુત ચિતાના ઉપયોગ માટે આગ્રહ રાખો: પ્રિયમુખ

| | | | |
|---|---|---|---|
| 77 | Deviben Manubhai Parikh | 2100 | Diwali Adv. |
| 78 | Harishbhai Shantilal Shah | 1650 | Diwali Adv. |
| 79 | Ganga Textile | 500 | Diwali Adv. |
| 80 | Delta Control Engineering Corporation | 500 | Diwali Adv. |
| 81 | Mangalam Consultancy | 2100 | Diwali Adv. |
| 82 | Drushti Eye Clinic | 3500 | Diwali + Panel Adv. |
| 83 | Rangshree Marketing | 800 | Panel Adv. |
| 84 | New Janta Transport Co. | 2900 | Diwali + Panel Adv. |
| 85 | Kunal Diesels | 1000 | Diwali Adv. |
| 86 | Arvindbhai Karsandas Shah | 1000 | Diwali Adv. |
| 87 | Rajendrabhai Kantilal Shah | 1300 | Diwali + Panel Adv. |
| 88 | Jaswantbhai Chhotalal Shah | 2100 | Diwali Adv. |
| 89 | Amrutbhai Muljibhai Vayada | 7100 | Diwali + Panel Adv. |
| 90 | Mangaldeep Enterprise | 2900 | Diwali + Panel Adv. |
| 91 | Chandrilbhai Nagindas Shah | 500 | Diwali Adv. |
| 92 | Bhupendrabhai Champaklal Dalal | 1650 | Diwali Adv.+Donation |
| 93 | Chandulal Jamnadas Shah | 500 | Diwali Adv. |
| 94 | Hetalbhai Bhanukantbhai Shah | 1300 | Diwali Adv.Panel |
| 95 | Birenbhai Dipakbhai Zaveri | 1001 | Life Membership |
| 96 | The Nagdevi Tools Steel Mart | 1000 | Diwali Adv. |
| 97 | Shree Vinod Surgical Hospital | 2100 | Diwali Adv. |
| 98 | B. Shaileshkumar & Co. | 2900 | Diwali + Panel Adv. |
| 99 | Electrovision | 1000 | Diwali Adv. |
| 100 | Nikhil Vinodchandra Parikh | 1000 | Diwali Adv. |
| 101 | Hasmukhbhai Kantilal Shah | 500 | Diwali Adv. |

– **વ્યવસ્થાપક**

## યમુનાવાડી – પાટણ

**યમુનાવાડી ખાતે રાખવમાં આવેલ કાર્યક્રમ સ્નેહ મિલન તથા નવા તૈલી ચિત્રોની અનાવરણ વિધી નો કાર્યક્રમ ૨૮–૧–૨૦૨૪ ના બદલે <u>૨૧–૧–૨૦૨૪ ને રવિવાર</u>ના રોજ રાખવામાં આવેલ છે. તેની સર્વેએ નોંધ લેવાની વિનંતી.**

**સુહાસ હરિન્દ્રભાઈ શાહ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ**

**સ્વ. પરષોત્તમ બેચરદાસ શાહ(ભૂજ–કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ**

સ્વ. મંજુલાબહેન રસિકલાલ શાહ (કડીવાળા)ના જય શ્રી કૃષ્ણ






ગં. સ્વ. લતાબહેન રમેશચંદ્ર પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ

ઉદય બિલ્ડકોન પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી




સ્વ. નિરંજનાબહેન તથા સ્વ. કાંતિલાલ મોતીલાલ શાહ (દેત્રોજ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ



## સ્વ. ભગવાનદાસ દ્વારકાદાસ પરીખ
## સ્વ. મુક્તાબેન ભગવાનદાસ પરીખ

# SHREEJI CHEMICALS

## Hemant B. Parikh
**98210 08300**

## Roopa Hemant Parikh

**Regd. Office :**
1101, Nirmal's Nest, Vayudevta Temple Complex,
Devidas Lane, Borivli (W), Mumbai - 400 103.

**Email:** shreejichemicals1999@gmail.com

**Sales Office :**
18, Peru Baug Compound, Jai Matadi Society,
Link Road, Asalfa, Ghatkopar (W), Mumbai - 400 084.

કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

સ્વ. કાંતિલાલ કૃષ્ણલાલ પરીખ (કડી) અને પરિવારના જય શ્રી કૃષ્ણ


# જય શ્રી કૃષ્ણ

## વિનોદ ડી. પરીખ

**Mob.: 92241 75613**

અ.સૌ. નિલા વિ. પરીખ
કલ્પેશ વિ. પરીખ - અ.સૌ. ફાલ્ગુની કલ્પેશ પરીખ
ખુશી અને હર્ષીની
નિલેશ વિ. પરીખ - અ.સૌ. ધરતી નિલેશ પરીખ
પાર્થ અને જ્વીન

**એ-૩૦૨/૩૦૩, સાગર અપાર્ટમેંટ, દેવીદાસ લેન,**
**એસ.વી.પી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨**



કામધેનુ સિડ્સ પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી

સ્વ. રતનલાલ ભેરુલાલ કશ્યપ (નાગપુર) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

# N. V. PARIKH AND COMPANY

## Chartered Accountants

## Nilesh Parikh

B.Com, F.C.A.

302/A, Sagar CHS., Devidas Lane,
S.V.P. Road, Borivali (W), Mumbai - 400 103.

Mob. : 98204 77668

E-mail : nvparikhca@gmail.com
info@nvparikh.com

સ્વ. દિનેશભાઈ બાલુભાઈ પરીખ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. નવનીતલાલ નાનાલાલ પરીખ (પાટણ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

JB
**J.J. Parikh & Brothers**
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

JB
**J. Bipinchandra & Co.**
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

JP
**J. J. Parikh Pharma Pvt. Ltd.**
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
**Panel Advocate of more than 15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

JP
**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
**Pharmaceutical Company**
**Since 2007**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.

પ્રકાશન ૧૦/૧/૨૦૨૪



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,**
**અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫**

## PRINTED BOOK JAN 24

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH